JAIN KRANTI
જૈન ક્રાંતિ
Vol. 8 I Issue 7 I Mumbai I June - 2017 I Price Rs. 25/- I Pages : 40

શ્રી વર્ધમાન સ્થાનકવાસી જૈન સંઘ-પાવનધામના આંગણે

વિનય વર્ષાવાસ

વિનયની જ્યોતે આત્મજ્ઞાનનાં અજવાળાં

રાષ્ટ્રસંત પૂજ્ય ગુરુદેવ શ્રી નમ્રમુનિ મહારાજ સાહેબ
આદિ સંત-સતીજીઓનો

ચાતુર્માસ
મંગલ પ્રવેશ

ભવ્ય જીવ બોધન ભણી, ગુરુરાય પધારે આજ
કલ્પ ચાતુર્માસ દીપશે, ને ધન્ય થશે આ ધામ

અનમોલ તે દિન
26.06.2017

અનમોલ તે ઘડી
સવારના 09.00 કલાકે

સ્વાગત શોભાયાત્રા

શ્રી હર્ષિતભાઈ અજયભાઈ તેજાણી પરિવારના નિવાસસ્થાન

A-1403, ક્ષિરાજ ટાવર, ચીકુવાડી, ફોનીક્ષ હૉસ્પીટલની સામે,
બોરિવલી (વેસ્ટ) થી સવારના 08:15 કલાકે પ્રારંભ થઈને વાજતે ગાજતે
સ્વાગત સમારોહ સ્થળ પર વિરામ પામશે.

આમંત્રક
PAWANDHAM
મહાવીર નગર, બી.સી.સી.આઇ ગ્રાઉન્ડની સામે, કાંદિવલી (વેસ્ટ), મુંબઇ - 400067

ગુરુદેવ !

આપ અમારા અંતરને જાણી, અમને અંતરઆત્મા તરફ
પ્રગતિ કરાવી રહ્યાં છો, આપના અસીમ ઉપકારને અમારા નતમસ્તકે વંદન ! !

• સૌજન્ય દાતા •

માતુશ્રી તારાબેન ચુનીલાલ મોદી પરિવાર (વિસાવદરવાળા)

પાવનધામના પ્રાંગણે
અવસર આવ્યો ચાતુર્માસનો
રાષ્ટ્રસંત પૂજ્ય ગુરુદેવ શ્રી નમ્રમુનિ મહારાજ સાહેબ આદિ
સંત-સતીજીઓના આગમનને અંતરના અહોભાવથી વધાવવાનો !!

ધર્મપ્રેમી સ્વજનો,

રાષ્ટ્રસંત પૂજ્ય ગુરુદેવ શ્રી નમ્રમુનિ મહારાજ સાહેબના સાંનિધ્યે ચાતુર્માસ દરમ્યાન આયોજિત નિત્ય પ્રવચન, વાંચના, ધ્યાન, સાધના, સત્સંગ, ભક્તિ સાથે સવિશેષ શિબિરો એવમ્ આત્મ શ્રેયસ્કર આધ્યાત્મિક આયોજનોમાં જૈન-અજૈન સર્વ ભાવિકોને પધારવા અમારું આત્મિય ભાવે આમંત્રણ છે.

ચાર માસિક નિત્યક્રમ

સવારના 07.00 થી 08.00 કલાકે	સવારના 09.30 થી 10.30 કલાકે	સવારના 10.30 થી 11.00 કલાકે
સંયમલક્ષી સાધકો માટે	નવદીક્ષિતો દ્વારા	રાષ્ટ્રસંત પૂ. ગુરુદેવ દ્વારા
શ્રેયસ્કર માર્ગદર્શન	પરમલક્ષી પ્રવચન	વાંચણી - સમ્યક પરાક્રમના બોલ

સાંજે 06.30 થી 07.00 કલાકે - પ્રભુ ભક્તિ

રાષ્ટ્રસંત પૂજ્ય ગુરુદેવના સ્વાસ્થ્યને ધ્યાનમાં રાખી
દર્શનનો સમય : સવારના 11.00 થી 12.00 કલાકે • સાંજે 04.00 થી 06.00 કલાકે

ચાર માસિક અમૃતપાન આરાધના

28.06.2017 થી 30.06.2017	05.08.2017 થી 08.08.2017	19.08.2017 શનિવાર
KHOJ SHIBIR	Love Yourself Shibir	પર્વાધિરાજ પર્યુષણ પ્રારંભ
23.08.2017 રવિવાર	26.08.2017 બુધવાર	24.09.2017 રવિવાર
ભગવાન મહાવીર જન્મોત્સવ	ક્ષમાપનાનું આદાન - પ્રદાન	રાષ્ટ્રસંત પૂજ્ય ગુરુદેવ શ્રીનો
ભક્તિ મહોત્સવ	સંવત્સરી	જન્મોત્સવ - માનવતા મહોત્સવ
20.10.2017 શુક્રવાર	24.10.2017 મંગળવાર	03.11.2017 શુક્રવાર
નૂતનવર્ષ	જ્ઞાનપંચમી	કાર્તિક પૂર્ણિમા
મહામાંગલિક શ્રવણ	જ્ઞાન આરાધનાનો અવસર	ચાતુર્માસ પૂર્ણાહૂતિ

જૈન-અજૈન સર્વ લાભ લેવા અવશ્ય પધારશો

વધુ વિગત માટે **સંપર્ક**	**આવાસ વ્યવસ્થા**	**આહાર વ્યવસ્થા**	**આવશ્યક વ્યવસ્થા**	**પૂજ્ય ગુરુદેવ શ્રીના**
	શ્રી તુષારભાઇ મહેતા	શ્રી મુકેશભાઇ મિયાણી	+91 90048 61157	સંપર્ક અર્થે
	+91 98330 70465	+91 92233 64309	+91 90048 61197	+91 98609 05678

PAWANDHAM B.C.C.I ક્રિકેટ ગ્રાઉન્ડની સામે, મહાવીર નગર, કાંદિવલી (વેસ્ટ), મુંબઈ - 400067

સૌજન્ય : પાવનધામ કમિટી મેમ્બર્સ

JAIN KRANTI
જૈન ક્રાંતિ

5th JUNE 2017 YEAR: 17, ISSUE - 200

PAGES : 36 + 4 • RETAIL PRICE : ₹ 25

'જૈન ક્રાંતિ'માં આપનું જ્ઞાનદાન એટલે
દેશ-વિદેશના હજારો ભાવિકો સુધી
પ્રભુનું જ્ઞાન પહોંચાડવાનું ઉત્તમ અનુદાન !

'જૈન-ક્રાંતિ જ્ઞાન દાન' / ₹ 11,000=00 એક વર્ષના

CHQ / DD should be in favour of ARHAM YUVA GROUP

જેઓ સહકાર આપી ધન્ય બન્યા તે શુભદાતાના નામ

- શ્રી ગુણવંતરાય ઝોંસા (સાયન)
- વી.સી.કે. ફોરેક્સ (કોલકત્તા)
- શ્રી સ્વપનીલ શાહ (ઘાટકોપર)
- શ્રી પ્રદીપભાઇ પી. દોશી (પાર્લા)
- શ્રી કલ્પનાબેન ગીરીશભાઇ દેસાઇ (પાર્લા)
- ઇગલ મેન્યુફેક્ચરીંગ (મુંબઇ)
- શ્રી હીનાબેન સંજયભાઇ શાહ (વડોદરા)
- શ્રી લક્ષ્મીકાંતભાઇ જે. શાહ (કાંદિવલી)
- શ્રી ગુરુભક્ત પ્રણયભાઇ મહેતા (ઘાટકોપર)
- મહાવીર ટેક્સટાઇલ (કોલકત્તા)
- શ્રી હેત-ત્વીશા સંજયભાઇ સંઘવી (ઘાટકોપર)
- શ્રી કુંદનબેન જયંતિભાઇ સંઘવી (સુરત)
- મેટલ પરફોરેશન (પ્રા.) લિમીટેડ (વડોદરા)
- શ્રી ન્યાલચંદ મોહનલાલ લાઠિયા (મૂર્તિજાપુરવાળા)
- યુનાઇટેડ મેડીસેલ્સ (પ્રા.) લિમીટેડ (વડોદરા)
- શ્રી ધર્મેશભાઇ મનસુખભાઇ કામદાર (મુલુંડ)
- શ્રી પ્રીતિબેન પ્રવિણચંદ્ર બાવીસી (કાંદિવલી)
- શ્રી સોહમ મહિલા મંડળ (પાવનધામ-કાંદિવલી)
- શ્રી શોભનાબેન હેમેન્દ્રભાઇ દોશી (ઇન્દોર)
- શ્રી દેવીબેન હસુભાઇ શાહ (સાંતાક્રુઝ)
- અનશન આરાધક શ્રી રાજેશભાઇ મોદી (ઘાટકોપર)

આપશ્રીને 'જૈન ક્રાંતિ'ને અનુદાન આપવું હોય તો
સંપર્ક : +91-9324808181

: FORMER EDITOR :
SHREE RASIKBHAI PAREKH

: PUBLISHER :
SHREE DEEPAKBHAI BHAYANI

: EDITOR :
SHREE PRATIMABEN BADANI
SHREE KUNJAN CHHEDA

: CONTACT :
PARASDHAM
VALLABH BAUG LANE, TILAK ROAD
GHATKOPAR (E) MUMBAI - 400077
PH: +91-22-25015152

: EMAIL :
publication@parasdham.org
website: www.parasdham.org

: JOIN US ON :
www.facebook.com/ParasdhamIndia
www.youtube.com/ParasdhamTV

Printed, Published, Edited and Owned by
DEEPAK K. BHAYANI

Printed at
Arihant Printing Press
Ghatkopar (E), Mumbai - 400 077
and
Published at
202, Satellite Building,
Opp. Mistry Complex, J. B. Nagar,
Andheri (East), Mumbai - 400 099

: SUBSCRIPTION :

LIFE TIME (WITHIN INDIA)	:	₹ 2500
FOR 2 YRS. (WITHIN INDIA)	:	₹ 500
LIFETIME (INTERNATIONAL)	:	₹ 20000
FOR 1 YR. (INTERNATIONAL)	:	₹ 2500

TO KNOW MORE ABOUT PUJYA GURUDEV
CONTACT ON: +91-9860905678

કૃપા... મારી સપોર્ટર !

શ્રધ્ધા અને ભક્તિ
કૃપાના વેવ્સને
આમંત્રણ આપે છે.

પ્રભુ કે ગુરુની કૃપા જેમને
પ્રાપ્ત થતી નથી, તે લક્ષ્ય સુધી
પહોંચી શકતા નથી !

ચારેબાજુ અંધકાર છે. મારી પાસે એક દીપક અને થોડી દીવાસળીઓ છે, પણ હું જેટલી વખત દીપક પ્રગટાવું છું, થોડી જ વારમાં વાવાઝોડું આવે છે અને મારો દીપક બુઝાય જાય છે, અંધારામાં માર્ગ મળતો નથી અને મારે મંઝિલ સુધી પહોંચવું છે. મને દીપકનો પ્રકાશ પણ મળે અને મારો દીપક બુઝાય પણ ન જાય, તે માટે હું શું કરું ?

એક મિત્ર તેના બે મિત્રોને પોતાની મુંઝવણ કહે છે.

બીજો મિત્ર કહે છે, દોસ્ત ! મને પણ એક તકલીફ છે. હું મરજીવો બની વારંવાર, સાગરના પેટાળ સુધી જવાનો પ્રયત્ન કરું છું પણ થોડી જ વારમાં પાછા આવી જવું પડે છે. થોડીવાર જો સાગરમાં ટકી શકું તો અવશ્ય મોતી મેળવી શકું. મને સમજાતું નથી હું શું કરું ?

ત્રીજો મિત્ર કહે છે, દોસ્તો ! તમારા જેવી જ મુંઝવણમાંથી હું પસાર થઈ રહ્યો છું, મારે પણ મારા દૂધને એવું બનાવવું છે જેથી તે લાંબો સમય સુધી બગડે નહીં. મને ખબર નથી પડતી હું શું કરું ?

ત્રણે મિત્રોની વાત એક જ્ઞાની સત્પુરુષ સાંભળે છે, તેઓ એમની પાસે જાય છે અને કહે છે, ભાઈઓ ! મને ખબર છે તમારે શું કરવું જોઈએ ?

ત્રણે મિત્રો વિનયપૂર્વક હાથ જોડી કહે છે, આપ અમને જણાવશો તો આપનો મહા ઉપકાર રહેશે.

જ્ઞાની સત્પુરુષ કહે છે.

જો દીપકનો પ્રકાશ પણ જોઈતો હોય અને વાવાઝોડાથી એની રક્ષા પણ કરવી હોય તો દીપકના ફરતે એક સુરક્ષા કાચ હોવો જોઈએ, જેથી પ્રકાશ પણ મળશે અને તેને વાવાઝોડાની અસર પણ નહીં થાય.

કાચ દીપકનો સપોર્ટર છે.

એમ જે આત્માને સિધ્ધત્ત્વની મંઝિલ સુધી જવું છે તેમને કૃપાનું કવચ જોઈએ. દીપક પાસે એની પોતાની વાટ છે, પોતાનું ઘી છે, પોતાનો દીપક છે, દીવાસળી છે પણ એને પ્રજ્વલ્લિત રાખવા કૃપાનું કવચ જરૂરી છે, તેમ આત્મ સાધકની સાધના પોતાની છે, આરાધના પોતાની છે, લક્ષ પોતાનું છે અને સાધનાનું માધ્યમ દેહ પણ પોતાનો જ છે પણ એની સાધના સંસારના વાવાઝોડામાં મંદ ન પડી જાય તે માટે ગુરુ કૃપાનું કવચ હોવું જ જોઈએ.

જેમ મરજીવાને મોતી મેળવવા જો સાગરમાં ટકી રહેવું હોય તો એની સાથે એણે ઓક્સીજનનું સીલીન્ડર રાખવું જોઈએ. એ એનું સપોર્ટર બનશે.

એમ મોક્ષ રૂપી મોતી મેળવવા માટે જે મુમુક્ષુ આરાધક બની આત્માના અતલ ઊંડાણ સુધી જવાનો પુરુષાર્થ કરે છે તેણે ગુરુકૃપા રૂપી ઓક્સીજન સાથે રાખવો જ જોઈએ.

હવે ત્રીજા મિત્રને જો એના દૂધને બગડવા ન દેવું હોય તો તેણે તે દૂધમાંથી ઘી બનાવી લેવું જોઈએ અને દૂધથી ઘી સુધીની યાત્રા માટે એને પણ જરૂર પડશે

મેળવણની ! મેળવણના કારણે દૂધ સ્થિર થશે અને દહીં બનશે. દહીંનું મંથન કરવાથી માખણ નીકળશે અને માખણને તપાવવાથી ઘી બનશે, જે વર્ષોના વર્ષો સુધી બગડશે નહીં.

એમ આત્મ કલ્યાણના ઈચ્છુક આરાધકને જો એના આત્મભાવમાં સ્થિર થવું હોય તો ગુરુકૃપાનું મેળવણ જરૂરી છે. એકવાર સાધનામાં સ્થિર થઈ જાય પછી એની સાધનાને કોઈ નિમિત્તો અસર કરી શકતાં નથી.

મિત્રો, તમને ખબર છે દ્રૌપદી સ્વયંવરમાં અર્જુનનો વિજય કેમ થયો અને અન્ય રાજા-મહારાજાઓ કેમ હારી ગયા ? ?

દ્રૌપદી સ્વયંવરમાં દ્રૌપદીને પામવા નીચે પાણીમાં નજર રાખી ઉપર ફરતી માછલીની ડાબી આંખ વિંધવાની હતી. જે વિંધી શકે, તેના ગળામાં દ્રૌપદી વરમાળા પહેરાવે. ઘણા બધાં દેશના ઘણા બધાં રાજાઓએ પ્રયત્ન ર્ક્યા પણ બધાં નિષ્ફળ થયાં, જ્યારે અર્જુનનો વારો આવ્યો, તે પણ ગયો અને સફળ થયો. દ્રૌપદીએ એના ગળામાં વરમાળા પહેરાવી. બંને જ્યારે મળ્યાં ત્યારે દ્રૌપદીએ પૂછ્યું, બીજા રાજા-મહારાજાઓ જે ન કરી શક્યાં તે તમે કેવી રીતે કરી શક્યાં ? તમે તો તરત જ તમારા લક્ષને સાધી લીધું, માછલીની આંખને વીંધી નાંખી. તમે આ કાર્ય કેવી રીતે કરી શક્યા ?

શું જવાબ આપ્યો હશે અર્જુને ? ?

અર્જુને કહ્યું, હાથ મારા હતાં, આંખ મારી હતી, લક્ષ મારૂં હતું, પુરુષાર્થ મારો હતો, બધું જ મારૂં હતું પણ મેં શ્રીકૃષ્ણ મહારાજને વિનંતી કરી હતી, જ્યારે હું મારૂં લક્ષ સિધ્ધ કરવા જાઉં ત્યારે તમે પાણીને સ્થિર કરી દેજો. જેવું પાણી સ્થિર થયું મારૂં કાર્ય સરળ થઈ ગયું, મને માછલી અને માછલીની આંખ ક્લીયર દેખાવા લાગી અને હું સફળતાને પ્રાપ્ત કરી શક્યો.

અર્જુનના સપોર્ટમાં શું હતું ?

શ્રી કૃષ્ણની કૃપા ! !

આપણે પણ સાધનાના ક્ષેત્રમાં આત્મ લક્ષને સિધ્ધ કરવા પરમાત્મા પાસે, ગુરુ પાસે એક જ વિનંતી કરવાની, બધું હું કરીશ તમે મારા પર માત્ર કૃપા કરજો. તમારી કૃપાના સપોર્ટ વિના મારૂં લક્ષ સુધી પહોંચવું શક્ય જ નથી !

શું હોય છે આ કૃપા ?

કેવી રીતે સપોર્ટ કરે છે કૃપા ? ?

આપણા બે શરીર હોય છે, એક જે દેખાય છે તેને સ્થૂળ શરીર કહેવાય છે અને બીજું જે દેખાતું નથી છતાં છે તેને સૂક્ષ્મ શરીર કહેવાય છે. સૂક્ષ્મ શરીરની શક્તિ દ્વારા જે થાય તેને 'કૃપા' કહેવાય.

જેમનો પોતાના બંને શરીર-સ્થૂળ અને સૂક્ષ્મ ઉપર કંટ્રોલ હોય તેને ગુરુ કે પરમાત્મા કહેવાય અને સૂક્ષ્મ શરીર દ્વારા થતી એક્શનને 'કૃપા' કહેવાય.

જેમ હવા છે, દેખાતી નથી છતાં આપણે માનીએ છીએ, સ્વીકારીએ છીએ. જેમ મોબાઈલના વેવ્સ છે, દેખાતાં નથી છતાં એના દ્વારા થતી એક્શન્સ્ના કારણે આપણે માનીએ છીએ, તેવી જ રીતે સૂક્ષ્મ શરીર હોય છે. મોબાઈલના વેવ્સની જેમ સૂક્ષ્મ શરીરના વેવ્સ પણ વિશ્વના કોઈ પણ ખૂણામાં જઈ શકે છે અને એ પણ સેકંડના લાખમાં ભાગમાં ! ! જેમ તમે અહીંયા બોલો અને એ જ સેકંડે અમેરિકામાં તમારો મિત્ર તમારો અવાજ સાંભળી શકે છે. જેમ મોબાઈલના વેવ્સ વચમાં ક્યાંય રોકાતા નથી, અટકતાં નથી, એને કોઈ પહાડો નડતાં નથી તેમ સૂક્ષ્મ શરીરના વેવ્સ પણ ગમે ત્યાં કોઈ પણ અવરોધ વિના પહોંચી શકે છે.

સૂક્ષ્મ શરીર બધાં પાસે હોય પણ બધાંને એને એક્ટીવ કરતા ન આવડે, બધાં એને એક્ટીવ ન કરી શકે, જે કરી શકે એમને પરમાત્મા અને ગુરુ કહેવાય.

ગુરુ જ્યારે પચ્ચક્ખાણ આપે છે ત્યારે શું કરે છે ?

ત્યારે ગુરુ, કૃપાના વેવ્સને ટ્રાન્સફર કરે છે, જે વેવ્સ તપ આરાધક માટે સપોર્ટર બને છે અને તેની તપ સાધના નિર્વિઘ્ન પરિપૂર્ણ થાય છે.

ભગવાન મહાવીરે પણ ગૌતમ સ્વામીમાં કૃપાના વેવ્સ ટ્રાન્સફર ર્ક્યા અને ભગવાનને જેટલું જ્ઞાન પ્રાપ્ત થયું હતું તે બધું જ ક્ષણવારમાં ગૌતમ સ્વામીમાં ટ્રાન્સફર થઈ ગયું.

કૃપા કોને પ્રાપ્ત થાય ?

શ્રધ્ધા અને ભક્તિ કૃપાના વેવ્સને આમંત્રણ આપે છે.

એ યુગ હતો, જ્યારે ભક્તની ભક્તિ અને શ્રધ્ધા એટલાં ઉત્કૃષ્ટ અને અહોભાવ યુક્ત હતાં કે પ્રભુ અને ગુરુના સૂક્ષ્મ શરીરમાં રહેલાં વેવ્સને એટ્રેક્ટ કરતાં હતાં. એ યુગમાં ગુરુ કે પરમાત્માના દર્શન થતાં જ હાથ જોડાય જતાં, આંખો અહોભાવથી છલકાય જતી અને હૃદય ભક્તિથી એવું ભિંજાય જતું કે એ ભિનાશ આંખોમાંથી વહેવા લાગતી.

શ્રધ્ધા અને ભક્તિ જ્યારે ઉત્કૃષ્ટ બને છે ત્યારે કૃપાને આમંત્રણ મળે છે.

ચંદનબાળાના દ્વારેથી પ્રભુ વિદાય થયાં, ત્યારે ચંદનબાળાના ભાવ ઉત્કૃષ્ટ હતા, પ્રભુ પ્રત્યે શ્રધ્ધા અનન્ય હતી અને હૃદય ભક્તિથી ભિંજાયેલું હતું, એટલે જ પ્રભુની વિદાયથી આંખોમાં અશ્રુની ધાર આવી ગઈ, જે પ્રભુના અંતર આત્માને અસર કરી ગઈ અને પ્રભુને પાછા ફરવું પડયું.

દીપકને પ્રજ્વલ્લિત થવાનું છે સ્વયં એ, પણ જો કાચ ન હોય તો બુઝાતા વાર નથી લાગતી. મરજીવા એ ડૂબકી લગાવવાની છે સ્વયં એ, પણ જો સાથે ઓક્સીજનના સીલીન્ડરનો સપોર્ટ ન હોય તો વધારે સમય ટકી શકતાં નથી, તેવી જ રીતે એક આત્મ સાધકને જ્યાં સુધી પ્રભુ કે ગુરુની કૃપા પ્રાપ્ત નથી થતી, ત્યાં સુધી તે આત્મ સાધનામાં સ્થિર નથી થઈ શકતા, આત્મ મોતીને પ્રાપ્ત નથી કરી શકતાં અને લક્ષ્ય સુધી પહોંચી નથી શકતા !

'કૃપા એક શક્તિ છે, એક પરિબળ છે,
જે તમને સ્થિર કરે છે, તમારી આત્મરક્ષા કરે છે
અને તમારી ક્ષમતાને વધારે છે.'

"કોઇક માટે આપણે આવા તો ન બનીએ."

નાણાવટી હોસ્પિટલમાં પથરીના દુ:ખાવાની અસહ્ય વેદનાની વચ્ચે પણ
રાષ્ટ્રસંત પૂજ્ય ગુરુદેવ શ્રી નમ્રમુનિ મહારાજ સાહેબે ભાવિકો પર વહાવ્યો કરુણા બોધ.

પથ્થર !

એક હોય છે અણઘડ આકાર વિનાનો અણીદાર પથ્થર, જે અન્ય માટે માત્ર અવરોધ ઉભો કરવાનું અને ખુંચવાનું કામ કરતો હોય છે. રસ્તા પર પડેલા એક અણીદાર પથ્થરની ઠેસ શરીરને લોહી લુહાણ કરી દેતી હોય છે. શરીરમાં પડેલી પથ્થરની એક ઝીણી કણી અસહ્ય વેદના આપી જતી હોય છે.

પરંતુ બીજો પણ એક પથ્થર હોય છે. **'શાલીગ્રામ'** જે શિવલીંગ બનીને લોકો માટે શ્રધ્ધા અને આસ્થાનું એક પ્રતિક બની જતો હોય છે.

આપણે વિચારવાનું છે...

કડવા અને તીખા **વચનો દ્વારા...**

અવિનયી અને અવિવેકી **વર્તન દ્વારા...**

અશુધ્ધ અને અપવિત્ર **વિચારો દ્વારા...**

આપણે પણ કોઇના જીવનમાં અવરોધ રૂપ બનીને અસહ્ય વેદના આપનાર પથ્થર બની રહ્યા છીએ ? ?

ખરાબ વિચાર, ખરાબ વર્તન અને ખરાબ વચન

તે પ્રભુની દ્રષ્ટિએ અસહ્ય વેદના આપનાર પથ્થર સમાન હોય છે.

"આપણે આપણા સ્વજન-પરિવાર માટે આવા પથ્થર સમાન તો ન બનીએ."



આ જગતમાં બે પ્રકારની વ્યક્તિઓ હોય છે :
વિનયી અને અવિનયી.

વિનયી વ્યક્તિ પાસે સમજપૂર્વકનું જ્ઞાન હોય છે, જ્યારે અવિનયી પાસે શબ્દોનું જ્ઞાન હોય છે. વિનયી વ્યક્તિનું વિઝન ક્લીયર હોય એટલે એમનો નિર્ણય પણ યોગ્ય દિશાનો હોય. એ માત્ર શબ્દોને જ ન પકડે, શબ્દો પાછળના ભાવાર્થને સમજે, એ ભાવોને અનુભવે અને યથાયોગ્ય આચરણ કરે, જ્યારે અવિનયી વ્યક્તિ પઢાવેલાં પોપટ જેવા હોય.

એક પોપટ હતો, એને એના માલિકે શીખડાવ્યું હતું કે 'બિલ્લી આયે તો ઉડ જાના', પોપટે બરાબર વાક્યને સાંભળ્યું અને રોજ દિવસમાં અનેક વાર રટણ કરે, 'બિલ્લી આયે તો ઉડ જાના' એક દિવસ અચાનક એક બિલ્લી આવી ગઈ. પોપટે દૂરથી તેને પોતાની તરફ આવતા જોઈ, એનું રટણ શરૂ થઈ ગયું, બિલ્લી આયે તો ઉડ જાના... બિલ્લી આયે તો ઉડ જાના ! બિલ્લી નજીકને નજીક આવતી ગઈ, પોપટ એનું વાક્ય બોલતો જ રહ્યો. બિલ્લી નજીક આવી ગઈ અને પોપટને મોઢામાં પકડી લીધો. પોપટે શબ્દોને પકડી લીધાં પણ એ શબ્દો પાછળ માલિક શું કહે છે એ ભાવને ન સમજ્યા અને પરિણામ શું આવ્યું ? બિલ્લીનું ભોજન બનવું પડયું ! !

જો એણે ભાવોને સમજ્યા હોત તો દૂરથી બિલ્લીને જોઈ ત્યારે જ ત્યાંથી ઊડીને ઊંચે ક્યાંક બેસી ગયો હોત !

એ તો પક્ષી છે, સમજી શકાય એની પાસે જ્ઞાન કે સમજ ન હોય, પણ આપણે તો મનુષ્ય છીએ, આપણામાં જ્ઞાન છે પણ આપણો જ અવિનય એ જ્ઞાન ઉપર આવરણ બની જાય છે એટલે જ ગુરુ કે પરમાત્માના શ્રીમુખેથી અમૂલ્ય બોધ વચનોને શ્રવણ તો કરીએ છીએ પણ એમાં રહેલાં ભાવોને સમજી શકતાં નથી એટલે સ્થિતિ પેલાં પોપટ જેવી થાય છે.

માટે જ, આપણે આપણા સેલ્ફને વારંવાર વિનયથી ભાવિત કરવી પડશે. વિનયભાવથી ભાવિત થવા બે પ્રકારના વિનયને પહેલાં જાણવા પડશે.

વિનય : પ્રવૃત્તિનો કે પ્રકૃતિનો ?

વિનય બે પ્રકારના હોય છે,

એક બાહ્ય વિનય અને એક આંતરિક વિનય.

બાહ્ય વિનય એટલે તમારા વ્યવહારમાં જણાતો વિનય જેને કહેવાય છે પ્રવૃત્તિનો વિનય અને બીજો હોય છે આત્મિક વિનય જે તમારા સંસ્કારમાં જ હોય અને જે તમારો સ્વભાવ બની ગયો હોય, તેને કહેવાય છે પ્રવૃત્તિનો વિનય !

પ્રવૃત્તિ, પ્રકૃતિનું કારણ બને છે અને પ્રકૃતિ પ્રવૃત્તિનું કારણ બને છે.

વિનય યુક્ત પ્રવૃત્તિ કરતાં કરતાં વિનય તમારી પ્રકૃતિ બની જાય છે અને જો તમારી અંદરમાં, તમારા સ્વભાવમાં જ વિનયની પ્રકૃતિ હોય તો વિનય સહજતાથી તમારી પ્રવૃત્તિમાં આવી જાય છે. તમારી પ્રવૃત્તિ તમારી સ્મૃતિ બની જાય છે એટલે જેવી સ્મૃતિ હોય તેવી પ્રવૃત્તિ થઈ જાય ! જો તમારી સ્મૃતિમાં વિનય હશે તો તમારી એક્શન્સ્ અને તમારા એક્સપ્રેશન્સ્ પણ વિનયયુક્ત હશે અને જો તમારી અંદર અવિનય હશે તો તમારી એક્શનમાં

અને તમારા ચહેરા પરના એક્સપ્રેશન્સ્માં પણ અવિનય સ્પષ્ટ જણાશે.

વિનય વ્યક્તિના હિતનું કારણ હોય છે અને અવિનય વ્યક્તિના અહિતનું કારણ હોય છે.

માટે જ, વારંવાર ચેક કરતાં રહેવું જોઈએ કે, મારાથી ક્યાં ક્યાં અવિનય થઈ જાય છે ? હંમેશાં સાવધાન રહેવું જોઈએ જેથી ભૂલથી પણ અવિનય ન થઈ જાય. ઘણીવાર એવું પણ બનતું હોય છે કે કેટલાં બધાં વિનયની તમને ખબર જ ન હોય અને એ ખબર ન હોવાના કારણે અજાણતા પણ અવિનય થઈ જતો હોય છે. એમાં પણ જ્યારે પરમાત્મા કે ગુરુનો અવિનય થઈ જાય છે ત્યારે તેમની અશાતનાનું પાપ લાગે છે અને ભવિષ્યમાં ગુરુ કે પરમાત્મા ન મળે એવા અંતરાય કર્મ બંધાય જાય છે.

ઘણાને ખબર નથી હોતી કે ગુરુના સાંનિધ્યમાં જેટલો સમય હોય તેટલો સમય વિનયપૂર્વક બે હાથ જોડાયેલાં જ હોવા જોઈએ. પછી એ સમય પંદર મિનિટનો હોય કે ત્રણ કલાકનો ! !

જેમની પ્રકૃતિમાં વિનય હોય છે તેમના હાથ તો દૂરથી ગુરુ કે પરમાત્માને જોતાં જ જોડાય જતાં હોય છે. જેમની પ્રકૃતિમાં આવો વિનયભાવ નથી તેમણે પહેલાં પ્રવૃત્તિમાં વિનય લાવવો પડશે. પ્રવૃત્તિમાં આવશે એટલે ધીમે ધીમે તે તમારી સ્મૃતિ બની જશે. એકવાર સ્મૃતિમાં આવી જશે પછી પ્રવૃત્તિમાં લાવવો નહીં પડે, ઓટોમેટિક આવી જશે અને એ જ તમારી પ્રકૃતિ બની જશે.

આ ભવની પ્રવૃત્તિનો વિનય આવતા ભવે પ્રકૃતિનો વિનય બની જશે.

વિનયને પ્રકૃતિનો વિનય બનાવી આવતા ભવમાં સાથે શા માટે લઈ જવાનો ?

માનો કે, તમારા પુણ્યોદયે આ ભવે તમારા ઘણા બધાં કર્મો ક્ષય થઈ ગયાં અને આવતા ભવમાં તમને મહાવિદેહ ક્ષેત્રમાં સ્થાન મળ્યું તો ત્યારે તમારો આ ભવમાં શીખેલો, સમજેલો અને કેળવેલો વિનય મહાવિદેહ ક્ષેત્રમાં તમને શ્રી સીમંધર સ્વામીની અશાતના, અવિનય, અપરાધ અને અભક્તિથી બચાવશે.

આવી નાની-નાની પણ જરૂરી ઘણી બધી વિનયની પ્રવૃત્તિઓ છે, જેમકે, ગુરુ કે પરમાત્માની આગળ ક્યારેય ન ચલાય, ન બેસાય, એમનાથી ઊંચા આસને ન બેસાય, એમના સાંનિધ્યમાં દૃષ્ટિ એમના તરફ જ હોવી જોઈએ, એમના સાંનિધ્યમાં અન્ય કોઈ સાથે વાતચીત ન કરાય, મોબાઈલનો ઉપયોગ ન કરાય, ઉઘાડા મુખે ન બોલાય, કોઈ પદાર્થ ન ખવાય, મોટા અવાજે ન બોલાય, વચમાં ન બોલાય, વચ્ચેથી ઊભા થઈને ન જવાય, બીજાને પૂછતાં હોય ત્યારે વચ્ચે જવાબ ન અપાય વગેરે અને એનાથી વિપરીત વિનયપૂર્વક, બે હાથ જોડી એમના અમૃત વચનોનું શ્રવણ કરવું જોઈએ, એમનાં શુભ અને પોઝીટીવ વાઈબ્રેશન્સને ઝીલવા જોઈએ. એમના પાવન પરમાણુઓને અનુભવવા જોઈએ. બની શકે છે, એ પોઝીટીવ વાઈબ્રેશન્સ અને એ પાવન પરમાણુઓ તમારા માનસ ઉપર અસર કરી જાય અને તમારી નેગેટીવીટી દૂર થઈ જાય. તમારા અવગુણો દૂર થઈ જાય, તમારા આત્મગુણો પ્રગટી જાય અને તમારા આત્માને શુધ્ધ કરવાની અમૂલ્ય તક તમને પ્રાપ્ત થઈ જાય !

વિનય તમારી ઓરાને શુધ્ધ અને શુભ બનાવે છે.

વિનયથી અજ્ઞાનના આવરણ દૂર થાય છે અને જ્ઞાન પ્રગટ થાય છે.

ભગવાને કહ્યું છે, જ્યાં વિનય છે ત્યાં સંપતિ છે અને જ્યાં અવિનય છે ત્યાં વિપત્તિ છે.

જ્યારે પણ વિપત્તિ આવે ત્યારે સમજી જવાનું ક્યાંક અવિનય થઈ રહ્યો છે અને વિનય ભાવને વધારવાનો પુરુષાર્થ શરૂ કરી દેવાનો ! વિનયને વધારવા ગુરુ અને પરમાત્મા પ્રત્યે ઉપકારભાવ વ્યક્ત કરવાનો, અંતરથી પરમ ઉપકાર ભાવ પ્રગટ કરવાનો, ઉપકારભાવ અનુભવવાનો !

ઉપકારભાવ એ વિનયને પ્રગટ કરવાનો શ્રેષ્ઠ ઉપાય છે.

વિનય એ ધર્મનું મૂળ છે.
જો વિનય હશે તો જ ધર્મનો
અનુભવ થશે, ધર્મ સાર્થક થશે,
ધર્મની સફળતા અનુભવાશે.
વિનયનું જ્ઞાન ન હોવું એ પણ અવિનય છે.

દર્શન.... આકૃતિના કે આત્માના ?

મોટા ભાગે જ્યારે વ્યક્તિ કોઈ સંત કે સતીજીના દર્શન કરવા જાય છે ત્યારે તે તેમની આકૃતિના દર્શન કરે છે કે તેમના આત્માના દર્શન કરે છે ? આકૃતિના !!

કેમકે દરેકના મનમાં એક ઈમેજ ફીક્સ થઈ ગઈ છે કે સંત હોય તો આવા વસ્ત્રોમાં હોય અને સતીજી હોય તો આવા વસ્ત્રોમાં હોય. એમાં જો ક્યાંક જરાક ફેરફાર દેખાય તો તરત જ બુધ્ધિ કહેશે... આમ કેમ ? ? એનો અર્થ એ જ થયો કે, જે દર્શન થાય છે તે વસ્ત્રોના આધારે... વેશના આધારે થાય છે અને આજ સુધી જે જોયું છે તે આંખોથી જ જોયું છે.

આંખોથી જે જોવાય તેને જોયું કહેવાય
અને આત્માથી જે જોવાય તેને દર્શન કહેવાય.
આંખ લઈને જાય તેને આકૃતિ દેખાય
અને આત્મા લઈને જાય તેને આત્માના દર્શન થાય.

જે આંખ લઈને આવે છે તે માત્ર સંત-સતીજીને જોઈને જાય છે અને જે આત્માના ભાવ લઈને આવે છે તે આત્માના ગુણો વિનય, નમ્રતા, વીતરાગતા આદિના દર્શન કરે છે.

જ્યારે આત્માથી આત્મા જોડાય છે, ત્યારે જ સાચા દર્શન થાય છે. આંખ લઈને આવનારા શું કરે છે ?

આવે, ફટાફટ વંદના કરે, શાતામાં છો ? પૂછે અને બેસી જાય, જ્યારે આત્માના ભાવ લઈને આવનારા શું કરે ?

સૌથી પહેલાં તો એના અંતરમાં એક જ ભાવ હોય આજે મારે મારા ગુરુના, સંતના, સતીજીના ભાવથી દર્શન કરવા છે. દૂરથી એને સંતોનું સ્થાનક દેખાય અને હૃદયની ધડકન બદલાવા લાગે, જેમ જેમ સ્થાનકના પગથિયાં ચઢે તેમ-તેમ વિચારધારા બદલાવા લાગે, હે પ્રભુ ! આજે તો આ ધર્મ સ્થાનકના પગથિયાં ચઢું છું, હે પ્રભુ ! ક્યારે હું સમવશરણના પગથિયાં ચઢીશ ? ?

જેવા અંદર આવે એટલે સડસડાટ સીધા સંત કે ગુરુ પાસે ન પહોંચી જાય. પહેલાં દરવાજા પાસે ઊભા રહે. ભાવથી પ્રણામ કરે, હાથ જોડાય જાય અને પાંપણ ઢળી જાય.

પ્રણામથી વાસ્તવિક દર્શનની શરૂઆત થાય.

જોડાયેલાં હાથ અને ઢળેલી પાંપણ સાથે મસ્તક ઝૂકી જાય અને મુખમાંથી એકદમ સોફ્ટ અવાજમાં વિનયપૂર્વક શબ્દ નીકળે, 'મત્થએણં વંદામિ !'.

ધીમે ધીમે પગ અંદર આવે, એક એક પગલું આગળ વધતાં-વધતાં અંતરમાં ભાવ પ્રગટે.

હે ભંતે ! આજે આપના દર્શન કરીને મારા હૃદયમાં એવા ભાવ પ્રગટે કે એક દિવસ હું પણ આપના જેવો બની જાઉં !! હે ભંતે ! એવી કૃપા કરજો !!

પ્રણામ પછી નમસ્કાર થાય, નમસ્કાર પછી પ્રદક્ષિણા થાય. પહેલાંના સમયમાં પરમાત્મા વચમાં બિરાજતાં એટલે ભાવિકો એમના ફરતાં ત્રણ પ્રદક્ષિણા કરતાં અને પ્રદક્ષિણા દ્વારા પોતાની ઓરાને સ્નાન કરાવતાં, ઓરાને શુધ્ધ અને પોઝીટીવ કરતાં.

અત્યારે ગુરુ ભગવંતો અને સંત-સતીજીઓ સામે બિરાજતાં હોવાથી જોડાયેલાં હાથને મસ્તકની ફરતાં લઈ જઈને ભાવ પ્રદક્ષિણા કરે છે જેને આવર્તન કહેવાય છે. આવર્તન કરતી વખતે તેના હૃદયમાં ભાવ હોય કે, આપ મારા જીવનના મધ્યમાં છો, મારા જીવનના કેન્દ્ર બિંદુ છો, હું આપની ભાવથી પ્રદક્ષિણા કરી રહ્યો છું.

પછી શરૂ થાય વંદના ! વંદના એટલે જેમાં વદન વળી જાય, કાયા ઝૂકી જાય. હું આપને વંદન કરૂં છું, નમન કરૂં છું, હું આપનો ભાવથી સત્કાર કરૂં છું, હું આપનું અંતરથી સન્માન કરૂં છું. આપ મારા માટે કલ્યાણકારી છો, મંગલકારી છો. આપ મારા માટે દેવ સ્વરૂપ છો, જ્ઞાનરૂપ છો. આ પ્રમાણે વંદના કરી પછી તે પજ્જુવાસામિ બોલતાં ભાવ કરે કે હું આપની પર્યુપાસના કરૂં છું અને પછી ગુરુ કે સંતની આજ્ઞા સાથે જોડાયેલાં હાથે એમના સાંનિધ્યમાં બેસી જાય.

આ છે દર્શનની વાસ્તવિકતા ! !

ગુરુ કે સંતના સાંનિધ્યમાં બેઠા પછી પણ ન આસપાસ જોવાનું કે ન કોઈની સાથે વાત-ચીત ! ! ગુરુ જો અન્ય કાર્યમાં વ્યસ્ત હોય તો આંખો બંધ કરી, આત્માથી આત્માનું કનેક્શન કરે, ભાવોથી ભાવોનું કનેક્શન કરે અને જો ગુરુ કોઈ પ્રવચન કે સદ્‌બોધ ફરમાવતા હોય તો આંખો ખુલ્લી રાખી ગુરુવચનો સાંભળવામાં લીન-તલ્લીન થઈ જાય.

આને કહેવાય આત્મ દર્શન ! !

ગુરુ કે પ્રભુના દર્શન કરવા જનારનાં સાડા ત્રણ કરોડ રોમરાય સ્પંદિત થવા લાગે, ચિત્ત પ્રસન્ન થવા લાગે, અંતર આનંદથી છલકાવા લાગે અને જેમ જેમ નજીક જતાં જાય તેમ-તેમ અહોભાવ ઉત્કૃષ્ટ થતો જાય, સ્વ સાથે સંવાદ શરૂ થઈ જાય...

અહો... અહો ! એ કેટલાં સદ્‌ગુણી છે અને હું કેવો દુર્ગુણી છું, એ કેવા નિર્વિકારી છે અને હું કેવો વિકારી છું, એ કેવા સંયમી છે અને હું હજુ સંસારના મોહમાં અટકેલો છું.

અહો... અહો ! છતાં મારા કેવા સદ્‌ભાગ્ય છે કે આજે મને એમના દર્શન કરવાની, એમના સાંનિધ્યને માણવાની ક્ષણો મળી ! !

અનંતકાળ મેં વનસ્પતિકાયમાં વિતાવી દીધાં, અનંતકાળ મેં તિર્યંચમાં વિતાવી દીધા ત્યારે આ પરમ દુર્લભ એવો મનુષ્યનો ભવ મળ્યો. હે પ્રભુ ! મેં ક્યાંક અને ક્યારેક તો આપની અશાતના કરી હશે એટલે આપનો યોગ તો ન થયો, પણ આજે આપના અંશ અને વંશ એવા આપના અનુચરનો યોગ થયો છે ત્યારે મારાથી એમની કોઈ અશાતના ન થાય કે મારે એમને ગુમાવવા પડે, મારાથી એવો કોઈ અવિનય ન થઈ જાય કે હું એમને ગુમાવી દઉં ! !

આવા ઉત્કૃષ્ટ ભાવ અને અહોભાવ પ્રગટે ત્યારે આત્મ દર્શન કર્યા કહેવાય.

આત્મ દર્શન એટલે ગુણોથી ગુણોનું જોડાણ થવું.

ગુરુનો પરમાત્મા પ્રત્યેનો અહોભાવ સાથે તમારો અહોભાવ જોડાય, ગુરુની પ્રભુ ભક્તિ સાથે તમારી ગુરુ ભક્તિ જોડાય, ગુરુનો પ્રભુ પ્રત્યેનો વિનય અને તમારો ગુરુ પ્રત્યેનો વિનય જોડાય ત્યારે ગુણોથી ગુણો એક થાય, આ ગુણો તમને ગુરુ સાથે એકમેક કરે.

દર્શન એ હોય જેમાં આત્મિક કનેક્શન હોય, દર્શન એ હોય જેમાં ગુણોનું જોડાણ હોય, દર્શન એ હોય જેમાં ભાવોની ઐક્યતા હોય !

આવા દર્શન જ્યારે કોઈ વ્યક્તિ કરે છે, ત્યારે તે ગુરુની કૃપાને પાત્રવાન બને છે. ગુરુ એના ઉપર એવી કૃપા કરે છે કે એની અંતરાય દૂર થઈ જાય, એના વિઘ્નો દૂર થઈ જાય. ગુરુ જ્યારે પ્રસન્ન થાય ત્યારે તેને એવો લાભ પ્રાપ્ત થાય જે એણે ક્યારેય વિચાર્યો પણ ન હોય.

આવું ક્યારે પ્રાપ્ત થાય ?

આંખોથી જોવાથી ન થાય, આત્માથી દર્શન કરવાથી થાય. માત્ર સંત કે ગુરુ પાસે આવવાથી ન થાય, એમની પર્યુપાસના કરવાથી થાય !

જે દિવસે આવા આત્મ દર્શન થશે, તે દિવસે અનુભૂતિ કંઈક અલગ જ હશે.

સાધુ-સંતોને કે ગુરુને આંખોથી જુઓ નહીં, એમના આત્માથી દર્શન કરો તો એ દર્શન સાર્થક થઈ જશે. તમારા ભાવો અને વિચારો બદલાય જશે. તમારી નેગેટીવીટી દૂર થઈ જશે. તમારા આત્મગુણોનો વિકાસ થવા લાગશે, તમને એમના જેવા બનવાના ભાવ થવા લાગશે અને એ બધાંથી વિશેષ,

જેટલી તમારા દર્શન વખતે ભાવોની ઉત્કૃષ્ટતા, એટલી આવશે ગુરુના ચહેરા પર પ્રસન્નતા અને એટલી જ તમને મળશે ગુરુની કૃપા ! !

કોઇ પણ વ્યક્તિને કોઇ પણ ક્ષેત્રમાં સિધ્ધિ અને સફળતા પ્રાપ્ત કરવી હોય તો તેણે શું કરવું જોઇએ ?

તેણે તેનું પ્રોપર પ્લાનીંગ કરવું જોઇએ અને એ પ્લાનના આધારે એક પછી એક સ્ટેપ આગળ વધવું જોઇએ. જેમકે, જેને ડ્રાઇવીંગ શીખવું હોય તેણે ડ્રાઇવીંગ સ્કૂલમાં જવું પડે, પહેલાં લર્નીંગ લાયસન્સ લેવું પડે. પછી પ્રેક્ટીસ કરવી પડે અને પછી ફાઇનલ લાયસન્સ લેવું પડે, તમારી લાઇફનું કેરિયર બનાવવું હોય, ડૉક્ટર કે એન્જિનીયર બનવું હોય તો 10 - 15 વર્ષ સ્કૂલ અને કોલેજમાં અભ્યાસ કરવો પડે. જે કાંઇ શીખવું હોય, જે બનવું હોય તે માટે એનું પ્લાનીંગ કરી, એનો કોર્સ કરવો પડે.

એમ જો તમારે તમારા મન, વચન અને કાયાનું ડ્રાઇવીંગ કરવું હોય તો તમારે પ્રોપર ડ્રાઇવીંગ જાણતા હોય એવા ગુરુ કે પરમાત્માની ડ્રાઇવીંગ સ્કૂલમાં જવું પડે. તમારે કોઇ પણ સાધના કરવી હોય, આત્માની શુધ્ધિ કરવી હોય તો આધ્યાત્મિક ગુરુનું માર્ગદર્શન લેવું જરૂરી છે. જેથી તમારી મન, વચન અને કાયાની ગાડી રોંગ ટ્રેક પર ચાલી ન જાય. સંસારની માયા સાથે અથડાય ન જાય અને પ્રભુના પંથે તમારા લક્ષના સ્ટેશન સુધી નિર્વિઘ્ન પ્રગતિ કરતાં કરતાં આગળ વધતી રહે.

માનવીની વિશેષતા

માનો કે, એક સિંહ, એક પશુ કે માનવીનો શિકાર કરી એને પોતાના ભોજન રૂપે ખાય જાય છે, ત્યારે તે સિંહને શું સમજ હોય છે કે, આ યોગ્ય કર્યું કે અયોગ્ય ?

એક કૂતરો પોતાના એરિયામાં આવેલા બીજા કૂતરાની સામે ભસીને એને કરડીને, એને ભગાડીને, માલિકીભાવ બતાવવાનો જે વ્યવહાર કરે છે તે અયોગ્ય છે, એવી તેને સમજ હોય છે ?

મનુષ્યભવની વિશેષતા શું હોય છે ?

આહાર, ભય, મૈથુન અને પરિગ્રહ, આ ચાર સંજ્ઞા તો સૃષ્ટિના દરેક જીવોમાં જોવા મળે છે. જેમ મનુષ્યમાં આ ચાર સંજ્ઞા છે તેમ પ્રાણીઓમાં પણ આ ચાર સંજ્ઞાઓ જોવા મળે છે.

તો પછી મનુષ્ય અને પ્રાણીમાં ફરક શું છે ?

દોષ વિશુધ્ધિ

ચેક યોર સેલ્ફ !

મનુષ્ય પાસે એવું શું સ્પેશિયલ છે, જે પ્રાણી પાસે નથી ?

ઘણા કહે છે, પ્રાણીઓ પાસે મગજ ન હોય.

ના, મગજ તો તેમની પાસે હોય, તેથી જ તો તેઓ સુંઘી સુંઘીને ક્યાંથી ક્યાં પહોંચી શકે છે, તેઓ પોતાના બચ્ચાંને ઓળખી શકે છે, તેઓ રસ્તામાં પડેલી રોટલી અને પત્થરના ભેદને જાણી શકે છે, એટલે મગજ તો એમની પાસે છે.

તો પછી એવું શું છે ?

મારા આત્મા માટે શું યોગ્ય અને શું અયોગ્ય, આવો વિચાર સિંહને કે કૂતરાને આવી શકે ? આવો વિચાર કોઇ પણ પ્રાણી, પક્ષી કે વૃક્ષને ક્યારેય આવે ?

આવો વિચાર માત્ર ને માત્ર મનુષ્યને જ આવે. પોતાના હિત માટે, પોતાના ભવિષ્ય માટે શું સારૂં અને શું ખરાબ એ સમજ માત્ર ને માત્ર મનુષ્યમાં જ હોય !

એક માત્ર મનુષ્ય જ પોતાના દોષોનું દર્શન કરી શકે છે અને દોષોની શુધ્ધિ કરી શકે છે. જગતના કોઇ પણ જીવો ક્યારેય પોતાના દોષોનું દર્શન કરી શકતાં નથી અને દર્શન કરી શકતાં નથી એટલે શુધ્ધિ પણ કરી શકતાં નથી.

આ જ તો છે માનવીની વિશેષતા ! !

જે પોતાના દોષોનું દર્શન કરી, યોગ્ય અને અયોગ્યના ભેદને પારખી, અયોગ્યથી અટકી અને યોગ્ય

તરફ જાય તે મનુષ્ય કહેવાય. અનંતકાળમાં, અનંતી યોનિમાં જન્મ પછી એક તક મનુષ્યભવની મળે છે જ્યારે વ્યક્તિ પોતાના દોષોને જોઇ અને જાણી શકે છે, દોષોની વિશુધ્ધિ કરી, દોષોથી મુક્ત થઇ શકે છે. આ પ્રકારની સમજનો વિકાસ કરી શકે છે, બાકીના એક પણ ભવમાં એક પણ જન્મમાં આવી સમજનો, આત્માની સમજનો વિકાસ કરી શકતો નથી !

આ જ તો છે માનવભવની વિશેષતા ! !

જો મને મારી ભૂલો, મારા અવગુણો, મારા માટે યોગ્ય શું અને અયોગ્ય શું એ જોતાં ન આવડતું હોય તો મારામાં અને અન્ય જીવોમાં કોઇ ફરક નથી. એક મનુષ્ય તરીકેની જે વિશેષતા છે એ વિશેષતા મારામાં ન હોય તો અન્ય જીવો જેવો જ હું છું .

મનુષ્ય તરીકે મારામાં એક વિશેષતા છે. હું મારા અવગુણોને, અવગુણો રૂપે જોઇ શકું છું. હું મારી ભૂલોને જાણી શકું છું. હું મારા દોષોને, મારી નેગેટીવીટીને જોઇ શકું છું. મારી આ સમજ મને મળેલી ગોડ ગીફ્ટ છે. મારે મને મળેલી આ ગોડ ગીફ્ટનો, મારી આ ક્ષમતાનો પ્રોપર ઉપયોગ કરવો છે. મારી ભૂલોનું પ્રાયશ્ચિત કરવાની ક્ષમતા મારામાં છે, મારામાં સેવેલા દોષોને શુધ્ધ કરવાની ક્ષમતા છે, મારામાં પાપોનું પ્રતિક્રમણ કરવાની ક્ષમતા છે, મારામાં મારી ભૂલોની ક્ષમાપના કરવાની ક્ષમતા છે, મારે મારી આ ક્ષમતાનો સદુપયોગ કરી, મારી સમજનો વિકાસ કરવો છે.

જો મારી આ વિશેષતાનો હું ઉપયોગ નથી કરતો, તો મારામાં અને અન્ય જીવોમાં કોઇ ફરક નથી !

તમને રીયલાઇઝ થવું જોઇએ કે, તમે અન્ય જીવો કરતાં કંઇક સ્પેશિયલ છો કેમકે તમને યોગ્ય અને અયોગ્યનો ભેદ પારખતાં આવડે છે, તમને ગુણ અને અવગુણનો ભેદ પારખતાં આવડે છે.

ગુણ જ વ્યક્તિની પ્રગતિ કરાવી શકે છે. ગુણ થકી જ વ્યક્તિ આત્મ શુધ્ધિ કરી આત્મ સિધ્ધિને પ્રાપ્ત કરી શકે છે. ગુણોને કારણે જ વ્યક્તિને સર્વત્ર આવકાર મળે છે. ગુણોને કારણે જ વ્યક્તિ દર્શનીય અને પૂજનીય બને છે.

આ જ માનવીની વિશેષતા છે અને આ વિશેષતાનો સદુપયોગ કરવો એ મનુષ્યનું પરમ કર્તવ્ય હોય છે. એકવાર આ તક ચૂકી ગયા પછી ખબર નથી ક્યારે ફરી મનુષ્ય ભવ મળશે. ક્યારે દોષોની ઓળખ કરવાની અને દોષોને વિશુધ્ધ કરવાની સમજ પ્રાપ્ત થશે.

દોષ વિશુધ્ધિ કયારે થઇ શકે ?

દોષ વિશુધ્ધિ ત્યારે જ થઇ શકે,
જ્યારે તમને તમારા દોષ, દોષ રૂપે લાગે.
દોષ વિશુધ્ધિ ત્યારે જ થઇ શકે,
જ્યારે તમને તમારા અવગુણ,
એ અવગુણ જ છે એ સત્ય સમજાય.
દોષ વિશુધ્ધિ ત્યારે જ થાય,
જ્યારે તમે તમારા દોષોના દર્શન કરી શકો.
યોગ્ય-અયોગ્યને સમજી શકો.

પણ થાય છે શું ?

મોટાભાગની વ્યક્તિને અવગુણમાં પણ ગુણ લાગતાં હોય છે.

એક ભાઈ હતાં. એકવાર એની પાસે પૈસા ન હતાં, છતાં બસમાં ચઢી ગયાં અને પછી આખો સમય કંડક્ટરથી બચતાં રહ્યાં, પણ જ્યારે ઉતરવાનો સમય આવ્યો, બરાબર તે જ સમયે કંડક્ટરની નજરમાં આવી ગયાં. તે કંડક્ટર એની નજીક આવી રહ્યો હતો અને તે પ્રભુને પ્રાર્થના કરતાં હતાં, હે ભગવાન ! મને બચાવી લે. હે પ્રભુ ! મારી લાજ રાખી લે, પ્લીઝ ભગવાન આજે બચાવી લ્યો !

યોગાનુયોગ જેવો કંડક્ટર હજુ તો ટીકીટ બોલે ત્યાં જ એક બમ્પ આવ્યો અને બસને જોરદાર આંચકો લાગ્યો. કંડક્ટર પોતાના સેલ્ફને બચાવવા હેન્ડલ પકડે છે અને ત્યાં જ બસ ઊભી રહે છે. પેલા ભાઇ ફટાફટ બસમાંથી ઊતરી જાય છે.

ઘરે આવીને બધાંને જાણે બહાદુરીનું કામ કર્યું હોય એમ કહેવા લાગ્યાં, આજે તો વગર પૈસે, વગર ટીકીટે બસની સફર કરી. કંડક્ટર પણ મને પકડી ન શક્યો. આજે તો બહુ મઝા આવી ગઇ !

એ ભાઇએ એક તો અવગુણનું સેવન કર્યું, ખોટું કામ કર્યું અને પાછું એ અવગુણ સેવવા લાયક છે એવું માન્યું. એ અવગુણ એને અવગુણ લાગ્યો જ નહીં એટલે એને કાઢવાનો વિચાર પણ ક્યાંથી આવે ?

દોષ વિશુધ્ધિ ત્યારે જ થાય, જ્યારે અવગુણ, અવગુણ લાગે. અયોગ્ય, અયોગ્ય લાગે.

જેલ જેને 'જેલ' લાગે તે જ જેલમાંથી મુક્ત થવાનો પ્રયાસ કરે. જેલ જેને ઘર જેવી લાગે તેને ક્યારેય જેલથી બહાર નીકળવાનો વિચાર ન આવે.

દોષ જ્યાં સુધી દોષ ન લાગે,
ત્યાં સુધી દોષ મુક્તિનો ઉપાય ન થાય.

દોષો કયા કયા છે ? ક્રોધ, માન, માયા, રાગ, લોભ, દ્વેષ, ઈર્ષ્યા, અહમ્, આ બધાં દોષો છે, આ ઉપરાંત અભ્યાખ્યાન, પરપરિવાદ, રઈ-અરઈ, માયા મોસો, પૈશુન્ય આદિ પણ દોષો છે. બીજા ઉપર ખોટો આરોપ મૂકવો, પોતાનો દોષ બીજા ઉપર નાંખવો બીજાને છેતરીને પોતે આગળ આવવું, અસત્ય બોલવું એ બધાં પણ દોષો જ છે.

ઘણા બધાં આ દોષોને કાઢવાનો પ્રયત્ન પણ કરે છે, પણ નિષ્ફળ જાય છે. ઘણા કહેતાં હોય છે મેં કેટલી બધી વાર મનથી નક્કી કર્યું મારે કોઇના પર ગુસ્સો નથી કરવો કે કોઇની ઈર્ષ્યા નથી કરવી પણ થઇ જાય છે. મેં નક્કી કર્યું હતું, મારે મારા ઈગોને છોડીને પણ જેમની સાથે અણબનાવ છે તેમની સાથે પ્રેમથી વાત કરવી છે, પણ જેવા એ સામે આવે છે એટલે તરત જ જૂની વાતો યાદ આવી જાય છે અને પાછો ઈગો આવી જાય છે.

આવું શા માટે થાય છે ?

તમે દોષો રૂપી કાંટાને કાઢવાનો પ્રયત્ન કરો છો અને થોડાં જ દિવસોમાં કાંટા પાછા ઊગી જાય છે. કાંટા કાઢવાનો તમારો પ્રયત્ન ખોટો નથી હોતો પણ એ સાચો રસ્તો નથી. સાચો પ્રયત્ન એ છે કે કાંટાને કાઢવા કરતાં, કાંટાના મૂળને કાઢવા જોઇએ. મૂળ જ નહીં હોય તો કાંટા ઊગે જ ક્યાંથી ? એમ દોષોને કાઢવાનો પ્રયત્ન કરવા કરતાં દોષોના કારણને કાઢવાનો પ્રયત્ન કરવો જોઇએ.

સૌથી પહેલાં એ જાણવું જોઇએ, દોષો આવે છે ક્યાંથી ? દોષો જ્યાંથી આવે છે, એના આવવાના દરેક રસ્તા બંધ કરી દેવા જોઇએ.

નદીમાં તરતી નાવમાં જો કાણું પડી જાય તો એ પાણીને કાઢવા બીજું કાણું કરવું જોઇએ કે, એ પાણી જ્યાંથી આવે છે એ કાણું બંધ કરવું જોઇએ ?

દોષોની વિશુધ્ધિ કરતાં પહેલાં દોષોના કારણોને જાણવા જોઇએ. એ દોષો ક્યાંથી આવે છે ? એ દોષો આવવાનું કારણ શું છે ?

ચેક યોર સેલ્ફ !

દોષોના આશ્રવને જાણવા એક વાર આંખો બંધ કરી તમારા સેલ્ફને ચેક કરો, કેમકે, ચેક કર્યા વિના ક્યારેય ચેઇન્જ આવે નહીં. પોતાની સેલ્ફને ચેક કરવી, એ જ પોતાના સેલ્ફને ચેઇન્જ કરવાનો ઉપાય છે.

ચેક કરો... તમને ક્યારે ગુસ્સો આવે છે ? ક્યારે તમારામાં નેગેટીવીટી આવે છે ? ક્યારે તમારો ઇગો હર્ટ થાય છે ? શા માટે તમને બીજાની ઈર્ષ્યા થાય છે ? કેમ તમને કોઇની નિંદા કરવાનું મન થાય છે ? ક્યારે ક્યારે તમે ખોટું બોલો છો ? તમારા દ્વેષનું કારણ શું છે ? તમારા તેના પ્રત્યેના રાગનું રીઝન શું છે ? તમારા અણગમાનું કારણ શું છે ? તમારાથી જ્યારે જ્યારે ખોટું કે અયોગ્ય થયું છે, તેની પાછળ તમારો હેતુ શું હતો ? તમે શા માટે કોઈની લાગણીમાં આવી જાવ છો ?

એક એક પ્રશ્ન ઉપર ચિંતન કરો અને એના કારણને શોધો !! તમારા મનમાં ઘણા બધાં જવાબો આવશે જેવા કે, સ્વયંનો સ્વભાવ, અજ્ઞાનતા, ઈચ્છા પૂર્તિ, લાલચ, અપેક્ષા, ખોટા વિચારો, સહનશીલતાનો અભાવ, ધાર્યું ન થવાના કારણે, પોતાની વીકનેસ, કર્મોનો ઉદય, વિવેકનો અભાવ, અણસમજ વગેરે, વગેરે, પણ ના !

આ બધાં કરતાં પણ એક જ મુખ્ય કારણ છે, જેના કારણે મોટા ભાગના લોકો અવગુણોને આમંત્રણ આપતાં હોય છે. દોષોનું સેવન કરતાં હોય છે, પાપકાર્યોને પોષતાં હોય છે અને અયોગ્ય પણ યોગ્ય સમજતાં હોય છે.

બધાંનું એક જ મૂળ છે. બધાં દોષોનું એક જ કારણ છે અને એ મૂળનું નામ છે સુખ !!

કૃપા અને આશીર્વાદની
અવિરત વહેતી અમૃતધારા

અસીમ ઉપકારી તપસમ્રાટ પૂજ્ય ગુરુદેવ
શ્રી રતિલાલજી મહારાજ સાહેબની અસીમ કૃપાથી

રાષ્ટ્રસંત પૂજ્ય ગુરુદેવ
શ્રી નમ્રમુનિ મહારાજ સાહેબની અનંતી કરુણાથી

વિરલપ્રજ્ઞા ગુરુણીમૈયા
પૂજ્ય શ્રી વીરમતીબાઇ મહાસતીજીની
સંયમ હિતશિક્ષા સહ સારણા, વારણા, ધારણાથી

સંયમ જીવનના 25 વર્ષ પૂર્ણ કરનાર

સંયમ જયંતિ
04.06.1992

સંયમ રજત જયંતિ
04.06.2017

પૂજ્ય શ્રી સુબોધિકાબાઇ મહાસતીજીને

સંયમ રજત જયંતિ અવસરે એમની સંયમ સાધના પર
ગુરુભગવંતો અને ગુરુણીમૈયાની કૃપા, કરૂણા અને આશીર્વાદ
અવિરત વરસતા રહે, એમની સંયમ સાધના ઉત્કૃષ્ટ બને અને
પ્રભુના પંથે પ્રગતિ કરતાં કરતાં પ્રભુના બની, પ્રભુ જેવા બને...

એ જ મંગલ ભાવના સાથે
અંતરથી સંયમ શુભેચ્છા અભિવંદના !

-શ્રી શાહ પરિવાર અને શ્રી મોદી પરિવાર

"સેવા" જે દેવોને પણ પ્રિય !

આપણે પણ તેને પ્રિય બનાવીએ તો ? ?

માનો કે કોઈ ધાર્મિક કાર્યક્રમ હોય, કોઈ ઉત્સવ કે મહોત્સવ હોય ત્યારે તમે શું કરો છો ? મહોત્સવના દિવસે સમયસર મંડપમાં પહોંચી, સારામાં સારી જગ્યા શોધીને બેસી જાવ છો. બરાબર ! !

તીર્થંકર પરમાત્માને કેવળજ્ઞાનની પ્રાપ્તિ થઈ, એના શુભ શુકલ અને પોઝીટીવ પરમાણુઓ દેવલોકમાં પહોંચી ગયાં. દેવલોકના દેવો અને ઈન્દ્રો પ્રસન્ન પ્રસન્ન થઈ ગયાં. વાહ ! હવે તો પરમાત્માના પ્રજ્ઞા પ્રાગ્ટયનો ઉત્સવ ઉજવાશે, પરમાત્મા પ્રતિબોધ આપશે. ચાલો, આપણે પણ જઈએ !

દેવો પધારે છે, પણ શું દેવો આવીને ડાયરેકટ એમની જગ્યાએ બેસી જાય છે ? ના ! દેવો વહેલા આવે છે, જ્યાં પરમાત્મા બિરાજવાના હોય છે, એ સ્થાનને એમની લબ્ધિથી સમતલ કરે છે અને ત્યાં ભવ્ય અને આકર્ષક બેઠક વ્યવસ્થા કરે છે, જેને **'સમવશરણ'** કહેવાય છે. સોનાનો ગઢ-રત્નના કાંગરા, રત્નનો ગઢ મણિરત્નના કાંગરા એમ ત્રણ લેયર્સના ખૂબ જ સુંદર સમવશરણની રચના કરે છે. હજારો મનુષ્ય, હજારો તિર્યંચ, હજારો દેવો શાંતિથી અને વ્યવસ્થિત બેસી શકે એવી રચના કરે છે.

એ હજારો જીવોને તાપ-તડકો લાગે અને વાતાવરણની અસરના કારણે તેઓ પરમાત્માની વાણી બરાબર ન સાંભળી શકે તો ? ? એ માટે એક ઘટાદાર મંડપની રચના કરે છે જેને **'અશોક વૃક્ષ'** કહેવાય છે. અશોક એટલે જ્યાં શોક ન હોય. અશોક વૃક્ષનો ગુણધર્મ છે જે નેગેટીવ વાઈબ્રેશન્સને હરી લે છે. બેઠક વ્યવસ્થા અને સાનુકૂળતા બાદ સર્વ જીવો પરમાત્માની વાણી સાંભળી શકે એ માટે એવી સીસ્ટમ સેટ કરે છે, જેનાથી પરમાત્માની વાણી **'યોજન ગામીની'** બની જાય છે, એટલે કે એ વાણી એક યોજન સુધી સંભળાય. આને પરમાત્માનો અતિશય કહેવાય છે, પણ એ અતિશય પણ દેવકૃત જ છે, દેવો દ્વારા કરાયેલો છે.

શા માટે દેવો આટલી બધી વ્યવસ્થા અને આવી ભવ્ય રચના કરે છે ? ? શા માટે સમવશરણની રચના કરે છે ?

દેવલોકના દેવો વિચારે છે, પરમાત્મા ત્રિકાળ જ્ઞાની થઈ ગયાં. હવે મારા પરમાત્મા ધર્મ ઉપદેશ આપશે. સૃષ્ટિના જીવોના હિત, શ્રેય અને કલ્યાણ માટે દેશના આપશે અને એ દેશના સાંભળવા, જેમના વિચારો પરમાત્મા સાથે મળવા લાગ્યાં હશે, જેમનું પરમાત્મા સાથે વૈચારિક મિલન થવા લાગ્યું હશે, એવા સદ્ભાગી આત્માઓ આવશે, પરમાત્માની વાણી સાંભળશે અને સ્વયંના આત્માનું કલ્યાણ કરશે.

અમે તો દેવલોકના દેવો છીએ, અમને પરમાત્માની વાણી વધારે અસર નહીં કરે, એટલે અમે પામીએ એના કરતાં જે આત્મહિત કરી શકે એવા સદ્ભાગી છે, એ હજારો જીવો પરમાત્માની અનુપમ વાણીને સાંભળે અને પરમાત્માની પ્રજ્ઞાને પામે.

અમે દેવલોકમાં જન્મ્યા છીએ એટલે અમે પરમાત્માને પગલે પગલે ચાલી શકીએ કે મોક્ષ માર્ગે આગળ વધી શકીએ એવી અમારી પાત્રતા નથી, પણ જે

પાત્રવાન છે તેમની **અમારે સેવા કરવી છે.** અમે તો ત્યાગ માર્ગ ઉપર જઈ શકીએ એમ નથી પણ જે ત્યાગ માર્ગે જવા તત્પર છે, સક્ષમ છે એમને અમારે સપોર્ટ કરવો છે. મારા પરમાત્મા પાસે આવનારા હજારો આત્માઓને કેવી રીતે શાતા રહે, કેવી રીતે સાનુકૂળતા મળે અને કેવી રીતે કોઈ પણ જાતના ડીસ્ટર્બન્સ વિના પરમાત્માની વાણીનું અમૃત પાન કરી શકે, તે અમારે કરવું છે.

દેવલોકના દેવોની સેવા અને સપોર્ટ કરવાની ભાવનાની ફળશ્રુતિ એટલે સમવશરણનું સર્જન !! પામવા કરતાં પમાડવાની કેવી ઉત્કૃષ્ટ ભાવના ! સાધના માર્ગે જનારાને સહાય કરવાની કેવી પરમાર્થ ભાવના !

એ ઉત્કૃષ્ટ અને પરમાર્થ
ભાવનાનું નામ છે 'સેવા' !

પરમાત્માના સમયમાં જે દેવલોકના દેવો કરે છે, એ જ પરમાત્માના અનુચર એવા સદ્‌ગુરુના સમયમાં આપણે કરીએ તો !!

દેવોને પણ જે પ્રિય છે,
એ 'સેવા' ને આપણે પણ પ્રિય બનાવીએ તો ! ! !

એક દિવસ એક કુતૂહુલી વ્યક્તિ ભગવાન પાસે આવે છે અને ભગવાનને કહે છે:
હે ભગવાન ! આપના સમવશરણમાં તો હજારો જીવો છે, દેવો છે, રાજા-મહારાજાઓ છે, સાધુ-સાધ્વીજીઓ છે, જ્ઞાની છે, વિદ્વાનો છે, તો ભગવાન ! આ બધામાં...



સેવા એ પ્રજ્ઞાને ખીલવવાનો શ્રેષ્ઠ ઉપાય છે અને જ્યારે પ્રજ્ઞા ખીલે છે ત્યારે જ ગણધર લબ્ધિ પ્રગટ થાય છે, જેમની પાસે ગણધર લબ્ધિ હોય છે, તે જ પરમાત્માની વાણીને સાંભળીને તરત જ જ્ઞાની થઈ જાય છે. તેને જ દ્વાદશાંગીનું જ્ઞાન થઈ જાય છે.

જે સેવા કરે છે તેને જ પરમાત્માની કૃપાનો પ્રસાદ મળે છે.

તીર્થંકર પરમાત્મા મહાવીરને જે પ્રાપ્ત કરવા માટે સાડાબાર વર્ષ લાગ્યાં તે જ ગણધર ગૌતમને પરમાત્માની કૃપાથી સાડાબાર સેકંડમાં પ્રાપ્ત થઈ ગયું.

પરમાત્માએ પુરુષાર્થ કર્યો, ગૌતમને પ્રસાદ રૂપે પ્રાપ્ત થઈ ગયું ! આ છે સેવાનું ફળ ! !

આપણને મનુષ્યભવ મળ્યો તો એ મનુષ્ય ભવનો ફાયદો શું ?

જેના ત્રણે કાળ એટલે કે ભૂતકાળ, ભવિષ્યકાળ અને વર્તમાનકાળ સરખા હોય તેને પ્રાણીનો ભવ કહેવાય.

જેનો ભૂતકાળ ખરાબ હોય શકે અને ભવિષ્યકાળ શ્રેષ્ઠ બની શકે એ માત્ર મનુષ્યનો ભવ કહેવાય.

આધારે જ તમારૂં ભવિષ્ય નક્કી થાય છે.

તમારૂં ભવિષ્ય તમારા જ હાથમાં છે. તમારા ભવિષ્યને સુખી બનાવવું કે દુ:ખી એ પણ તમારા જ હાથમાં છે, પણ મોટા ભાગના લોકો ભવિષ્યને ભૂલી જાય છે.

તમે ભવિષ્યને આંખ સામે રાખો છો કે ભૂલી જાવ છો ?

પ્રાણી જગતના જીવો એટલે કે તિર્યંચ પોતાના ભવિષ્યને વધારે સુધારી શકતાં નથી, નરકના નારકીઓ પોતાના ભવિષ્યને વધારે સુધારી શકતાં નથી, દેવલોકના દેવો પોતાના ભવિષ્યને વધારે સુધારી શકતાં નથી. ભવિષ્યને સુધારવાની ક્ષમતા એક માત્ર મનુષ્ય પાસે જ હોય છે અને ભવિષ્યને બગાડવાની ક્ષમતા પણ એક માત્ર મનુષ્ય પાસે જ હોય છે. જેવી તમારી આજ છે, તેના આધારે તમારી આવતી કાલ નક્કી થઈ રહી છે, પણ તમારી આજ એ તમારી ગઈ કાલના આધારે તમને મળી છે.

આજના સુખ-દુ:ખ, અનુકૂળતા-પ્રતિકૂળતા, વસ્તુઓ, વ્યક્તિઓ બધું ભલે તમને તમારા ભૂતકાળના કર્મોના આધારે મળ્યું હોય પણ એ સુખમાં સુખી થવું કે દુ:ખી થવું, એ અનુકૂળતાઓને અનુકૂળતાઓ માનવી કે ન માનવી એ કોના આધારે હોય ? એ હોય તમારા વર્તમાનના વિચારોના આધારે !

દુ:ખ આવવું એ કર્મના આધારે હોય પણ એ દુ:ખ વખતે દુ:ખી થવું કે ન થવું એ તમારા પોતાના ઉપર આધાર રાખે છે અને વર્તમાનના તમારા આ અનુભવના

કોઈ વ્યક્તિએ કોઈ કામ પ્રોપર ન કર્યું હોય ત્યારે તમારો અભિપ્રાય શું આવે ? અરેરે ! આનામાં તો કાંઈ અક્કલ જ નથી, આને તો કાંઈ આવડતું જ નથી. જ્યારે તમે કોઈના માટે આવો અભિપ્રાય આપો છો, ત્યારે સમજી લેજો તમે તેને અભિપ્રાય નથી આપતાં, તમે તે તમારી માટે, તમારા કર્મોની બેંકમાં જમા કરાવો છો. ભવિષ્યમાં તમને પણ ક્યારેક કોઈક કહેશે જ કે, આનામાં તો જરા પણ અક્કલ નથી.

આજે એ જ મળે છે
જે ભૂતકાળમાં જમા કરાવ્યું છે અને
ભવિષ્યમાં એ જ મળશે જે આજે જમા કરાવશો.

કોઈ અંધ વ્યક્તિને જોઈને 'આંધળો' કહ્યું કે કોઈ બહેરાને 'બહેરો' કહ્યું, કોઈ લપસી ગયું તો એના ઉપર હસ્યાં કે કોઈની નબળાઈની મશ્કરી કરી, યાદ રાખજો આજે જેટલાં રીએક્શન્સ આપશો એ જ કર્મના ઉદયે તમારી એક્શન્સ બની જશે.

મારા મનની એક્શન, મારા વચનની એક્શન અને મારી કાયાની એક્શનનું ભવિષ્ય એનું નામ કર્મ !

આખા દિવસમાં જેટલી એક્શન્સ થઈ હોય તે દરેક એક્શન્સનું રીએકશન્સ આવે જ ! પછી એ ગમે તેટલી નાનામાં નાની એક્શન કેમ ન હોય ! ! તમે બહાર નીકળ્યા અને રીક્ષાવાળા ઉપર જરાક ગુસ્સો ક્યોં, તમારા ઉપર કોઈ અવશ્ય ગુસ્સો કરશે. તમે તમારી આવડત માટે એક વાક્ય બોલ્યાં, જરાક અહમ્ ક્યોં એનું ફળ મળશે જ !

કર્મોનું ચક્રવર્તી વ્યાજ :

કર્મ બંધ સમયે જે સાવધાન રહે છે તેને ભવિષ્યમાં સમાધિ હોય છે અને બંધ સમયે જે સાવધાન નથી રહેતાં તેને ભવિષ્યમાં ઉપાધિ હોય છે.

ખંધક મુનિને એમના પૂર્વ ભવમાં એક વાર હાથમાં એક ફળ આવ્યું. એ ફળને આમ તેમ હાથમાં લઈને જોયું અને મનમાં કાંઈક વિચાર ક્યોં. પછી ધીમે ધીમે એ ફળની છાલ ઉતારી, એ છાલ પણ એવી સ્ટાઈલથી ઉતારી કે, છાલ ક્યાંયથી તૂટયા ક્યાં વિનાની અખંડ રહી અને આખુ ફળ બહાર આવી ગયું.

એ છાલ અને ફળ લઈને મિત્રોને બતાવે છે, જુઓ ! મેં આ ફળની કેવી મસ્ત છાલ ઉતારી !

બોલો ! આવી રીતે છાલ ઉતારતાં કોઈને આવડે ? કોઈ ઉતારી શકે ? ?

એ બે મિનિટ માટે કરેલાં અહંકારનું ફળ, એક વનસ્પતિકાયના જીવની છાલ ઉતારી, કરેલા અહમ્નું ફળ શું આવ્યું, ખબર છે ?

PARASDHAM

બીજા ભવમાં એમના આખા શરીરની છાલ ઉતારવામાં આવી. છાલ ઉતારી હતી એકેન્દ્રિય જીવની અને કર્મના ફળ રૂપે છાલ ઉતરી પંચેન્દ્રિય જીવની ! !

આવું કેમ બન્યું ?

ભગવાન કહે છે,

તારા કર્મો તને ચક્રવર્તી વ્યાજ સાથે પાછા મળે છે. મૂળ તો ભોગવવું જ પડે પણ વ્યાજ પણ ભોગવવું પડે !

કલ્પના કરો, જ્યારે શરીર ઉપરથી, એક એક અંગ ઉપરથી, હાથ ઉપરથી, પગ ઉપરથી, છાતી ઉપરથી, પીઠ ઉપરથી ખાલ ઉતરતી હશે ત્યારે કેવી વેદના થતી હશે ? કેટલું સહન કરવું પડયું હશે ?એક જ વખત, એક જ ફળની છાલ કાઢી અને પરિણામે બીજા ભવમાં મનુષ્ય તરીકે જન્મ, સાધુનું જીવન અને છતાં પણ આખા દેહની ખાલ ઉતરી, તો સંસારના આટલાં વર્ષોમાં કેટલાં ફળોની, કેટલાં શાકભાજીની કેટલી છાલ ઉતારી હશે !

જે આજે બીજાને વેદના આપે છે,
તેને ભવિષ્યમાં વેદના જ મળે છે.

તમને ભવિષ્યમાં શું જોઈએ છે ?

વેદના કે વંદના ? ?

જો વંદના જોઈતી હોય તો શ્રેષ્ઠ માર્ગ છે સંયમનો ! !

ઘણા કહેતા હોય,

ગુરુદેવ ! ધર્મ તો ઘરે રહીને, સંસારમાં રહીને પણ થાય ને ? ?

સંસારમાં રહીને જેટલું ધર્મ ધ્યાન થાય, સામે એટલું અધર્મ ધ્યાન પણ થાય ને ! ! સંસારમાં કેટલાં પાપ, કેટલી હિંસા થાય ! એ અધર્મ જ કહેવાય ને ! !

આપણો હર એક દિવસ, હર એક પ્રવૃત્તિ, હર એક ક્રિયા, હર એક વિચાર, હર એક ભાવ, હર પલ આપણું ભવિષ્ય નક્કી કરે છે. આખા દિવસ દરમ્યાન કરેલી ક્રિયા અને એના કારણે બાંધેલા કર્મો, ત્યારે ને ત્યારે જ તમારી કર્મોની બેંકમાં ડીપોઝીટ થઈ જાય છે અને પછી વ્યાજ અને ચક્રવર્તી વ્યાજ સાથે રીટર્ન મળે છે.

કર્મ બંધ વખતે તમારા ચહેરા પર હાસ્ય હોય કે આંસુ હોય ?

‘કર્મબંધ સમયે જેની આંખમાં આંસુ હોય, ઉદય સમયે તેના ચહેરા પર હાસ્ય હોય, પ્રસન્નતા હોય અને કર્મબંધ સમયે જેના ચહેરા પર હાસ્ય હોય, ઉદય સમયે તેની આંખોમાં અશ્રુની ધાર હોય !’

તમે સંસારમાં છો, સંસારની ફરજ પ્રમાણે તમારે રસોઈ પણ બનાવવી પડે છે, શાક અને ફળ સુધારવા પડે છે, વઘાર કરવો પડે છે, એ સમયે તમે તમારી રસોઈના વખાણનો વિચાર કરો છો કે જીવોની વેદનાનો ? ? એ સમયે તમને સ્વાદની ચિંતા વધારે હોય છે કે કર્મોના પરિણામની ! ! ખબર જ છે કે સંસાર શરૂ કર્યો છે એટલે છોડી તો શકાય તેમ નથી, રહેવું જ પડે તેમ છે તો કેવી રીતે રહેવું ?

સંસારના પાપની વચ્ચે પણ જેની આંખમાં આંસુ હોય છે તે પુણ્યનો બંધ કરે છે અને જેના ચહેરા પર આનંદ કે હાસ્ય હોય છે તે પાપનો અને ભોગવવા જ પડે એવા પાપનો બંધ કરે છે.

આજના આંસુની બૂંદો ભવિષ્યમાં અનેક ગણી ખુશી આપી શકે છે જ્યારે આજનું એક ક્ષણનું હાસ્ય ભવિષ્યમાં અનેક આંસુ આપી શકે છે.

મારો ભૂતકાળ એ
આજે મારૂં વર્તમાન છે અને
મારૂં આજનું વર્તમાન એ મારૂં ભવિષ્ય હશે.

જો આજે પાપ વખતે આંખમાં આંસુ અને અંતરથી અલિપ્તતા હશે, હૈયામાં વેદના અને મનમાં ભય હશે, વિચારોમાં મારે કરવું પડે છે એવા ભાવ હશે અને કરતી વખતે ક્ષણ ક્ષણની જાગૃતિ હશે તો નિધ્ધત કર્મ બંધાશે, જે કર્મોમાં ફેરફાર પણ થઈ શકે અને જે કર્મોનો ક્ષય પણ થઈ શકે. પણ જો આજે પાપ કરતી વખતે ચહેરા પર હાસ્ય હશે, અંતરથી ઈન્વોલ્વમેન્ટ હશે, મનમાં અહંકાર હશે તો નિકાચીત કર્મો બંધાશે જે અવશ્ય ભોગવવા જ પડશે.

પાપની સાથે જો પ્રશંસા ભળે
અને પ્રશંસા વખતે જે પ્રસન્ન થાય
તેનું ભવિષ્ય દુ:ખમય થઈ જાય છે.

પ્રભુનો સાધક, પ્રભુ વીરનો વારસ કેવો હોય ?

જે દિવસે દિવસે અનાસક્ત થતો હોય, જેના પાપ, જેના સંબંધો, જેની લાગણીઓ, જેનો પરિગ્રહ દિવસે દિવસે ઘટતો હોય.

સંસાર છૂટે કે ન છૂટે, સંસારના કામ વખતે આનંદ છૂટી જાય એવી કૃપા માંગજો, એવો પુરુષાર્થ કરજો.

સંસારમાં કદાચ ફરજ નિભાવવી પડે, પણ ફરજ નિભાવતા નિભાવતા કર્મોનું કરજ ન વધી જાય એટલી જાગૃતિ જરૂર રાખજો.

જેને કર્મબંધ સમયે સાવધાની હોય છે, તેને ઉદય સમયે સમાધિ હોય છે.

આ એક સૂત્રને અંતરમાં ઘૂંટી રાખો :

જો મારે ભવિષ્યમાં સમાધિ જોઈતી હોય તો આજે મારે સાવધાન રહેવું છે.

સાવધાન કેવી રીતે રહેવાય ?

જેમ તમે કોઈના બંગલામાં જાવ ત્યારે બહાર બોર્ડ જુઓ કે, ‘બિવેર ઓફ ડોગ’, કૂતરાથી સાવધાન, પછી તમે એ બંગલામાં મસ્તીથી ગીત ગણગણતા કે કારની ચાવી હલાવતા-હલાવતા જાવ કે એક-એક પગલું સાવધાનીથી ભરો ? ?

તેમ તમે તમારા મનના દ્વાર પર એક બોર્ડ લગાવી ધ્યો, ‘બિવેર ઓફ સીન’, ‘પાપથી સાવધાન !’ પછી જુઓ, સંસારની દરેક પ્રવૃતિ વખતે, પગલે-પગલે સાવધાની હોય કે ન હોય ? એક વાર પાપનો ડર લાગે પછી સાવધાની રાખવી પડે કે રખાય જાય ? મનમાં એક જ વિચાર હોય, જો હું જાગૃતિ નહીં રાખું તો મારા પાપનું કર્મ ગમે ત્યાંથી આવી જશે અને મને બટકું ભરી જશે.

જેટલો ભય કૂતરાના કરડવાથી લાગે છે એનાથી અનેક ગણો ભય પાપ કર્મના પરિણામનો લાગવો જોઈએ.

કર્મની સમજ
આપણને સાવધાન રાખે અને
આપણા ભવિષ્યને સમાધિમય બનાવે,
આપણા કર્મો ઘટે અને ભવિષ્ય ભવ્ય બને
એ જ કર્મની સમજની સાર્થકતા છે.

મારા ગુરુદેવ...

આપણા ગુરુદેવ...

કોના હશે... ગુરુદેવ ? ?

કોઇ કહેશે તપસમ્રાટ પૂજ્ય ગુરુદેવના,

તો કોઇ કહેશે પરમાત્મા પાર્શ્વનાથના !

કોઇ કહેશે એમના શિષ્યોના છે,

તો કોઇ કહેશે... ના... ના... એ તો ભક્તોના છે !

વળી કોઇ કહેશે એ તો અર્હમના યંગસ્ટર્સના છે,

તો કોઇ કહેશે એ તો બાળકોના પ્રિય છે !

ગુરુદેવ ક્યારેય કોઇ એકના ન હોય. કેમકે, એ વ્યક્તિ નહીં, વ્યક્તિત્ત્વ છે !

એમનો **પ્રેમ,** એમનો **સ્નેહ,** એમની **સલાહ** અને એમની **સહાય** સર્વ માટે છે.

જે હૃદયમાં સર્વ પ્રત્યે **પ્રેમ** છે, તે હૃદયમાં ગુરુદેવ બિરાજમાન છે.

ગુરુદેવ સર્વના હૃદયમાં વસનારા અંતરયામી છે.

માટે જ, તમારા **અંતરની વાત** જાણી, તમારા કહ્યાં વિના જ તમારા સર્વ કાર્યો કરી આપે છે.

ગુરુદેવ એ છે, જે **સ્વયંમાં** પ્રભુનો અહેસાસ કરાવી, **પ્રભુના પ્રેમમાં** પડતાં શીખવે છે.

ગુરુ પ્રત્યેનો **પ્રેમ** દુનિયાની કોઇ પણ **તાકાત** સામે લડી શકે છે,

કેમકે, જ્યાં ગુરુપ્રેમ છે ત્યાં **નિયતી** હારી છે. જ્યાં ગુરુસ્નેહ છે ત્યાં **નસીબ** હાર્યું છે.

જ્યાં ગુરુનું વ્હાલ છે ત્યાં **વિધાતા** હારી છે.

કયાંયથી પણ તમારા સુધી પહોંચે તે તમારા ગુરુદેવ !

જ્યાં તમે છો, ત્યાં તેઓ છે, સતત સાથે જ છે ગુરુદેવ !

ગુરુદેવ ! આપના ચરણોમાં અવિરત વંદના કરતાં કરતાં ધન્ય બનીએ અમે ગુરુદેવ ! !

-માતુશ્રી માલતીબેન પ્રવિણચંદ્ર કોઠારી પરિવાર, કાંદિવલી

ગુરુદેવ ! આપો અમને સમાધાન !!

? ગુરુદેવ ! હું દુબઇ રહું છું, મારે આપની સાથે સ્ટ્રોંગ અને પરમેનન્ટ કનેક્શન કરવું હોય તો શું કરવું જોઇએ ?

A દેવગુરુ સાથે સ્ટ્રોંગ કનેક્શન કરવાના બે ઉપાય છે. એક પ્રેમને વધારો અને બીજું રાગને ઘટાડો. દેવગુરુને એવો ઉત્કૃષ્ટ અને ડીવાઇન પ્રેમ કરો કે એમના વિના ચેન ન પડે, એમના સ્મરણ માત્રથી રડવું આવી જાય, એમને મળવાની એવી તડપ જાગે કે અંદરથી ગભરાહટ થવા લાગે. આવા અકારણ પ્રેમને સંવેગ કહે છે અને તીવ્ર સંવેગ કનેક્શનને સ્ટ્રોંગ બનાવે છે.

બીજો ઉપાય છે સંસાર અને સંસારી પ્રત્યેનો રાગ ઘટાડવો. સંસાર પ્રત્યે ઉદાસીનતા, સુખબુધ્ધિ પ્રત્યે ઉદાસીનતા, સુખના કારણો પ્રત્યે ઉદાસીનતા જેને કહેવાય છે નિર્વેદ !

સંસારમાં જેને સુખ લાગે તેને દેવગુરુનું વિસ્મરણ થઇ જાય. સંવેગ અને નિર્વેદ બે માર્ગ છે પ્રમાદને દૂર કરવાના અને દેવગુરુ સાથે પ્રજ્ઞા કનેક્શન કરવાના !

સંવેગ અને નિર્વેદ બે ઉપાય છે સમક્તિ પ્રાપ્ત કરવાના !! જેટલો દેવગુરુ પ્રત્યે સંવેગભાવ વધારે એટલી જ સંસાર પ્રત્યેની આસક્તિ ઓછી !

? ધર્મ પ્રેમ અને ગુરુ પ્રેમમાં શું ફરક હોય, ગુરુદેવ ?

A હું એવું માનું છું કે, જેટલો ફરક ચંદ્ર પ્રત્યેના પ્રેમ અને ચંદ્ર બતાવનાર આંગળી પ્રત્યેના પ્રેમ વચ્ચે હોય, એટલો ફરક ધર્મ પ્રેમ અને ગુરુ પ્રેમમાં હોય.

ધર્મ અને દેવગુરુ ક્યારેય અલગ ન હોય. ગુરુ ક્યારેય ધર્મથી અલગ ન હોય.

શિષ્ય ક્યારેય એકલો ન હોય, એકલો હોય તે શિષ્ય ન હોય. તે તો ગુરુ સાથે એકરૂપ થઇ ગયો હોય.

ગુરુ જેમાં જીવવા લાગે તે શિષ્ય હોય.

શિષ્યનું જ્યારે અસ્તિત્વ શૂન્ય થઇ જાય છે ત્યારે જ ગુરુ શિષ્ય એક થઇ શકે છે. આ જ તો સાંકળ હોય છે તીર્થંકરોથી ગણધરોની, ગણધરોથી આચાર્યોની, આચાર્યોથી સંતો સુધીની અને સંતોથી સાધક સુધીની !!

જ્યારે એકરૂપતા સર્જાય છે ત્યારે ધર્મમાં જ ગુરુ હોય અને ગુરુમાં જ ધર્મ હોય, ન કોઇ સાથે છે ન કોઇ અલગ છે !! આવી એકરૂપતા માટે પ્રબળ પુરુષાર્થ કરવો જોઇએ અને એ પુરુષાર્થનું નામ છે 'સમર્પણતા !'

એ સમર્પણ ન બુધ્ધિ આધારિત હોય, ન જ્ઞાન આધારિત હોય, ન ભાવ આધારિત હોય. માત્ર ને માત્ર અકારણ જ હોય !

એકરૂપ થયેલો શિષ્ય ક્યારેય એમ ન કહે કે, મને ગુરુદેવ પાસેથી પ્રેરણા મળે છે, એટલે હું એમનો છું, મને ગુરુદેવ પાસેથી જ્ઞાન મળે છે, એટલે હું એમનો છું... ના ! કંઇક મળે છે એટલે કંઇક આપવું એ છે લેવડ - દેવડનો વ્યવહાર !

જ્યાં એકરૂપતા હોય ત્યાં લેવાનું શું હોય અને દેવાનું શું હોય ? જે ગુરુનું હોય એ જ શિષ્યનું હોય !!

જ્યાં સમર્પણ હોય ત્યાં એક જ ભાવ હોય.

મારા ગુરુદેવ પરમાત્માના છે, આ મારી શ્રધ્ધા છે અને એટલે જ હું એમનો છું.

ગુરુ શિષ્યને એક જ વસ્તુ આપે અને શિષ્ય પણ એક જ વસ્તુ ગ્રહણ કરે એ છે આજ્ઞા !

ગુરુ આજ્ઞાનું પાલન એ જ ધર્મનું કારણ છે, એ જ ધર્મ છે. ધર્મ કયારે થાય ? ધર્મ પ્રત્યે પ્રેમ કયારે થાય ? જ્યારે ગુરુ આજ્ઞા હોય, આજ્ઞાનું પાલન હોય અને ગુરુ આજ્ઞાનું પાલન ત્યારે જ થાય, જ્યારે ગુરુ પ્રત્યે પ્રેમ હોય !

અર્થાત્ ગુરુ પ્રેમ એ જ ધર્મ પ્રેમ અને ધર્મ પ્રેમ એ જ ગુરુ પ્રેમ. ધર્મ જો ચંદ્ર છે તો ગુરુ એ ચંદ્રને બતાવનાર આંગળી છે.

ગુરુની ઓળખ કેવી રીતે થાય ?

જે સંત કે મહાન આત્માના દર્શન થતાં જ હાર્ટમાં કંઇક અલગ ફીલીંગ્સ થવા લાગે અને પછી એમના વિના એક પળ પણ રહી ન શકાય. એમના વિના કયાંય ચેન ન પડે, કયાંય રૂચે નહીં તે વ્યક્તિ, તે વ્યક્તિત્ત્વ તમારા પ્રથમ 'ગુરુ' હોય.

જેમ ગરોળીની પૂંછડી કપાય ગયાં પછી જેવી રીતે તરફડે, જેમ માછલીને પાણીની બહાર કાઢો અને જેવી રીતે તડપે, જેમ તમારા ચહેરા પર પ્લાસ્ટીકની થેલી બાંધી દે અને તમે જેમ શ્વાસ લેવા છટપટાવો, એવો તરફડાટ, એવી છટપટાહટ અને એવી તડપ જેમના માટે થાય તે તમારા 'પ્રથમ ગુરુ' હોય.

જેમને સાંભળ્યાં પછી તમે તમને સાંભળવા લાગો તે તમારા 'ગુરુ' હોય, સત્યની સમજ તો અનેક જગ્યાએથી મળે, પણ જ્યાં સત્યનું રીયલાઇઝેશન થાય તે તમારા 'ગુરુ' હોય.

જેમના દર્શન અને સાંનિધ્યને માણ્યા બાદ તમને તમારો 'ઇનર વોઇસ' પ્રેરિત કરે કે, આ વ્યક્તિ, આ વ્યક્તિત્વ મારા માટે અનજાન નથી આમની સાથે મારૂં કંઇક કનેક્શન છે, તે પ્રથમ 'ગુરુ' હોય.

ગુરુની પહેચાન માટે આ પ્રાથમિક પરિચય છે.

જે દિવસે, જેમના સાંનિધ્યમાં તમને આવો અહેસાસ થાય અને પછી તમારો સમર્પણતાનો પુરુષાર્થ પ્રબળ થવા લાગે ત્યારે સમજજો કે તમારા આઠ ભવમાંથી, આ કોઇ એક ભવ છે.

પોતાની બુધ્ધિનું મૃત્યુ કેવી રીતે કરાય ?

પોતાની બુધ્ધિનું મૃત્યુ કરવા તમે જેમની સાથે રહેતાં હો. જેમની સાથે કોઇ વ્યવહાર હોય તે બધાંની નાની-નાની વાતોનો સ્વીકાર કરવા લાગો. તમારી ઇચ્છા છોડી સામેવાળાની ઇચ્છા પ્રમાણે જીવન જીવવા લાગો. માનો કે, તમારી ઇચ્છા આ વેકેશનમાં સીમલા જવાની છે અને તમારી પત્ની કહે છે ગોવા જઇએ. ઓ.કે. ગોવા જઇશું. તમારી સમજને છોડવાથી તમારી ઇચ્છાના આગ્રહને છોડવાથી તમારો ઇગો ઘટવા લાગશે અને જાણતા-અજાણતા તમારી સાધના થવા લાગશે. આ ભવની તમારી પ્રેકટીસ પ્રભુ સાથેના ભવમાં ખૂબ જ કામ લાગશે. તમારી આ પ્રેકટીસ તમારી વૃતિ અને તમારા સંસ્કાર બની ભવોભવ સાથે આવશે. આજે તમારી ઇચ્છા પ્રમાણે ચાલવાનું છોડશો તો ભવિષ્યમાં ભગવાનની ઇચ્છા પ્રમાણે ચાલતાં શીખી જશો.

તમારી ઇચ્છાને છોડવી, તમારા છંદને છોડવા તે તમારો મોક્ષમાં જવાનો પાસપોર્ટ છે.

આજ દિન સુધી અનેક વખત પ્રભુ મળ્યાં પણ દરેક વખતે પોતાની સમજ અને પોતાની ઇચ્છા પ્રમાણે કર્યું છે એટલે પ્રભુને ગુમાવી દીધાં છે.

વિનય પ્રભુને પામ્યાં પછી ક્યારેય ગુમાવવા ન પડે એવી સાધના કરાવે છે.

મંત્ર જાપ કરતી વખતે શું ભાવ કરવા જોઇએ ? કોહમ, સોહમ, અર્હમ શું છે ?

મંત્ર હંમેશાં મનને શુધ્ધ કરવા માટે હોય છે.

'સોહમ' મંત્ર હંમેશાં પોતાના આત્મ અસ્તિત્ત્વનો અનુભવ કરવા માટે હોય છે. કેવળજ્ઞાન અને કેવળદર્શન પામેલાં તીર્થંકર ભગવાન મહાવીરે જ્યારે દેશના આપવાની શરૂઆત કરી, ત્યારે એમણે સર્વ પ્રથમ શ્રી આચારાંગ સૂત્રની દેશના આપી હતી. શ્રી આચારાંગ સૂત્રના પ્રથમ અધ્યયનના પ્રથમ પેરેગ્રાફમાં ઉપકારી એવા ભગવાન મહાવીરે સ્વયંના આત્માની અનુભૂતિને અન્યના આત્માની અનુભૂતિમાં પરિણિત કરવા માટે 'સોહમ' નામનો એ મંત્ર પ્રગટ કર્યો હતો.

'કોહમ', હું કોણ છું ?

'સોહમ', હું આત્મા છું.

'અર્હમ', હું શુધ્ધ આત્મા છું.

જેમણે રાગ- દ્વેષને જીતી લીધાં છે, તેવા આત્માને 'અર્હમ' કહેવાય છે. જે માત્ર અસ્તિત્ત્વનો બોધ આપે છે તે છે સોહમ ! હું આત્મા છું. જે જિજ્ઞાસાને પ્રગટ કરે છે તે છે કોહમ ! હું કોણ છું ?

કોહમ એ જિજ્ઞાસાનો મંત્ર છે, સોહમ એ સમાધાનનો મંત્ર છે અને અર્હમ એ સાધનાનો મંત્ર છે.

અસ્તિત્વ અનુભવવા માટે સોહમ મંત્ર છે.

ARHAM YUVA SEVA GROUP
PAROPKAR SE PARMATMA

માત્ર માનવ સેવા અને સમાજ સેવા જ નહીં,
નગર સેવા અને રાષ્ટ્ર સેવા પણ છે અમારૂં લક્ષ !
સંઘ, સમાજ અને સંસ્થાઓ સાથે,
હવે સરકારનો પણ મળે છે અમને સપોર્ટ !

અમારૂં ક્રાંતિકારી અભિયાન...

SAY NO TO ADDICTION

Break Up With Your Addiction Before It Breaks You.

'વ્યસનથી મુક્ત થવું અત્યંત અઘરૂં છે પણ જો સતત પ્રેરણાનું સાતત્ય મળતું રહે તો સહેલું પણ છે.'

આ ભાવ સાથે રાષ્ટ્રસંત પૂજ્ય ગુરુદેવ શ્રી નમ્રમુનિ મહારાજ સાહેબે **'વ્યસન મુક્તિ'** ની પ્રેરણા કરતાં જ અર્હમ યુવા સેવા ગ્રુપ અને લુક એન લર્ન એ અલગ અલગ પ્રકારના અભિયાન શરૂ કરી, એ દિશામાં પોતાનો પુરુષાર્થ પ્રારંભ કર્યો. મહારાષ્ટ્ર અને વેસ્ટ બેંગાલ જેવા મહાનગરમાં એમને નગરજનો સાથે સરકારનો પણ સપોર્ટ મળતાં અર્હમના યંગસ્ટર્સનો ઉત્સાહ બમણો થઇ ગયો છે.

મહારાષ્ટ્ર

1st મેના દિવસે સાઉથ મુંબઇમાં પ્રથમ વાર 100 Innovative Ideas સાથે NSCI- Worli માં વિશાળ Exhibition રાખવામાં આવ્યું હતું, જેમાં સમસ્ત મહારાષ્ટ્રની લગભગ બધી જ કોલેજોએ પાર્ટ લીધો હતો અને એ આજના યંગસ્ટર્સની વચ્ચે અર્હમ યુવા સેવા ગ્રુપે SAY NO TO DRUGS નું campaign કર્યું હતું, જેને મહારાષ્ટ્રના C.M. શ્રી દેવેન્દ્ર ફડણવીસ અને શ્રી મંગલપ્રભાતજી લોઢાને એટલાં પ્રભાવિત કર્યા હતાં કે તેઓ સ્વયં props ને લઇને સપોર્ટર બની ગયાં હતાં.

'યુથ જો વ્યસન મુક્ત થશે તો જ Transform Maharastra નો સંકલ્પ સાકાર થશે.' અર્હમ ગ્રુપની આ વાત સહુના હૃદયને સ્પર્શી હતી અને સેંકડો કોલેજીયન્સે પણ props સાથે સેલ્ફી લઇ, એ ફોટોગ્રાફસને સોશ્યલ અને ડીજીટલ મિડીયા, ફેસબુક, ઇન્સ્ટ્રાગ્રામ, યુ-ટયુબ અને વોટસ્એપ પર upload કરતાં તેઓની સાથે તેમના મિત્રો પણ આ અભિયાનમાં સપોર્ટર બન્યાં છે.

કોલકત્તા

કોલકત્તામાં અર્હમ યુવા સેવા ગ્રુપની સાથે લુક એન લર્નના બાળકો અને દીદીઓએ નાર્કોટીક કંટ્રોલ બ્યુરોની સાથે હાવડાના અવની રીવરસાઇડ મોલમાં રવિવારના દિવસે, જ્યારે ત્યાં સૌથી વધારે પબ્લીક આવે છે, ત્યાં વ્યસન મુક્તિ જાગૃત અભિયાનનું આયોજન કર્યું હતું. જેનું ઓપનીંગ ડૉ. શ્રી રાજેશકુમાર (એડીશનલ ડીરેકટર General, CID, ગર્વમેન્ટ ઓફ વેસ્ટ બેંગાલ અને શ્રી દીલીપભાઇ શ્રીવાસ્તવ (ડીરેકટર NCB ઇર્સ્ટન ઝોન) એ કરી જબરદસ્ત સપોર્ટ આપ્યો હતો.

અર્હમ સેવા ગ્રુપના એક એક યંગસ્ટર્સ દરેક visitors ને વ્યસન છોડવા માટે, convince કરવા માટે ખૂબ જ પ્રેમથી સમજાવતાં હતાં, Pledge cards ભરાવતાં હતાં અને Protest band પણ પહેરાવતાં હતાં.

જેમ જેમ Pledge cards ભરાતાં જતાં હતાં તેમ તેમ તેમનો આત્મ વિશ્વાસ અને આત્મ સંતોષ પણ વધતાં હતાં.

અમરાવતી, મુલુંડ, કોપરખેરાને

અર્હમ યુવા સેવા ગ્રુપ અમરાવતીએ રેલી દ્વારા જન-જનને જાગૃત કરવાનો પ્રયત્ન કર્યો હતો. જ્યારે મુલુંડ, કોપરખેરાને આદિ અનેક ક્ષેત્રો અલગ અલગ પ્રકારે વ્યસન મુક્તિ અભિયાનને વેગ આપી રહ્યાં છે. અનેક વ્યક્તિઓને એક week થી લઇ એક વર્ષ સુધી તો કોઇને આજીવન માટે વ્યસન મુક્ત બનાવવામાં સફળતા પ્રાપ્ત કરી રહ્યાં છે. અર્હમ યુવા સેવા ગ્રુપ દ્વારા દેશને વ્યસન મુક્ત કરવાના આ સંદેશને ખૂબ જ સુંદર પ્રતિસાદ મળી રહ્યો છે.

દરેક કોમના યુવા-યુવતીઓ સાથે કાર્ડ ભરતા હતાં ટ્રાફિક પોલીસ, રીક્ષાવાળા, મજુરો, વોચમેન અને વડીલો !

છાશ FOR WORKERS

1 May - Labour Day ના રોજ All over India ના અર્હમ યુવા સેવા ગ્રુપ દ્વારા 72,000 થી વધુ Labours મજુરોને ઠંડી છાશનું વિતરણ કરવામાં આવ્યું હતું.

મુંબઇ-અર્હમ્ જલમંદિર:

સમાજ અને રાષ્ટ્રને ઉન્નત કરતી નિ:સ્વાર્થ સેવા માટે જેમનું નામ દેશ-વિદેશમાં ગુંજી રહ્યું છે એવા રાષ્ટ્રસંત પૂજ્ય ગુરુદેવશ્રીની પ્રેરણા અને આર્શીવાદ સાથે અર્હમ યુવા સેવા ગ્રુપ દ્વારા સાઉથ મુંબઇ નાના ચોકમાં, મ્યુનિસીપલ ઓફિસ પાસે પ્રથમ **'અર્હમ જલમંદિર'** શુધ્ધ અને શીતળ પાણીનું વોટર કુલર બેસાડવામાં આવ્યું. જેનું ઉદ્ઘાટન શ્રી મંગલ પ્રભાતજી લોઢા (MLA), શ્રી દેવીદાસજી સાગરજી (વોર્ડ ઓફિસર) અને નગરસેવિકાઓ શ્રી મીનલબેન પટેલ, શ્રી અનુરાધાબેન પોદ્દાર અને શ્રી જ્યોત્સનાબેન મહેતા એ કર્યુ હતું.

અર્હમ જલમંદિર દ્વારા અર્હમ ગ્રુપનું લક્ષ છે કે મુંબઇની કાળઝાળ ગરમીમાં જતા-આવતાં લોકોને કુલરનું પ્યોર અને ઠંડુ પાણી મળે અને પીવા માટે શુધ્ધ પાણી મળવાના કારણે ચોમાસામાં પાણીના કારણે થતાં રોગોથી લોકો બચી શકે.

Mukesh P. Avlani

MEET N EAT
Caterers

Specialist in
Jain Food

Kailash Plaza, 17/A, 17/B, V.B. Lane,
Next to ICICI Bank, Ghatkopar (East), Mumbai - 400 077.
Tel. : 022-2501 1481 • Cell : 98212 39150, 99877 33077
E-mail : mukeshavlani@hotmail.com

પ્રેરણા : રાષ્ટ્રસંત પૂજ્ય ગુરુદેવ શ્રી નમ્રમુનિ મહારાજ સાહેબ
આયોજક : અર્હમ યુવા સેવા ગ્રુપ

ARHAM YUVA SEVA GROUP

Spreading
Colours of Humanity

Probook
Progress with Positivity



Price : ₹ 20/- Per Book
Size : A4 Full Scape • Pages : 160

10th June 2017થી મુંબઇમાં પારસધામ, પાવનધામ, મુલુંડ, માટુંગા, તાડદેવ, અંધેરી, ડોમ્બીવલી અને નવી મુંબઇથી પ્રાપ્ત થશે.
આપશ્રી જરૂરિયાતમંદ બાળકો અને
શાળાઓમાં ડોનેશન આપી જ્ઞાનદાનનો લાભ લઇ શકો છો.

આપની Quantity આજે જ Book કરાવો
http://www.arham.org/pro-books/
Contact : 7666708869

॥ मुहुत्तदुक्खा उ हवंति कंटया अओमया ते वि तओ सुउद्धरा।
वाया दुरुत्ताणि दुरुद्धराणि, वेराणुबंधीणि महब्भयाणि।। ॥

લોખંડના કાંટાઓ તો
અલ્પ સમય સુધી જ દુ:ખ આપે છે
અને તેને અંગમાંથી બહાર કાઢવા પણ સહેલા છે,
પરંતુ કઠોર વચન રૂપી કાંટાઓ સહજ રીતે કાઢી શકાતા નથી
તથા તે વેરની પરંપરાને પણ વધારનાર હોય છે.

लोहे के कंटक तो
अल्प समय ही दु:ख देते है,
और उसे अंग से बाहर निकालना भी आसान है,
किन्तु कठोर वचन रुप कंटक सहजता से निकाले नहीं जा सकते
और वे बैर की परंपरा को भी बढातें है।

The pain borne by piercing thorns in the body is momentary. The thorns can easily be removed from the body. Harsh words cannot be easily forgotten as they pierce us deeply. Hence harsh words are the cause of repeated enimity.

- ગુરુ ભક્ત (ચેન્નઇ)

જ્યાં ન પહોંચી શકે સંત સતીજી ત્યાં પહોંચે શાસન પ્રભાવકો !

શું આપ...

આપના ક્ષેત્રને પણ ધર્મ પ્રેમથી પલ્લવિત કરવા ઇચ્છો છો ?

આપના ક્ષેત્રમાં શાસન પ્રભાવકો પધારે એવી ભાવના રાખો છો ?

પરમાત્માના ધર્મને જન-જનના હૃદય સુધી પહોંચાડવા તથા જિન શાસન ધ્વજને વિશ્વ ફલક પર લહેરાવવાની રાષ્ટ્રસંત પૂજ્ય ગુરુદેવશ્રીની અંતર ભાવના અને પ્રેરણાથી, પૂજ્ય ગુરુદેવ પાસેથી સ્પિરીચ્યુઅલ વક્તા તરીકેની સંપૂર્ણ ટ્રેઇનીંગ લીધેલા સાધકો અને ઉપાસકો દર વર્ષે દેશ અને વિદેશના વિવિધ ક્ષેત્રોમાં પર્વાધિરાજ પર્યુષણ મહાપર્વ અને આયંબિલ ઓળીની આરાધના કરાવવા જાય છે.

ભારતના લાતુર, ઝરીયા, ચાસ બોકારો જેવા નાનકડાં ગામો, વડોદરા, જેતપુર, અમરાવતી, વસઇ જેવા શહેરો તથા બેંગલોર, કોલકત્તા જેવા મહાનગરો અને પરદેશમાં સુદાન, મોમ્બાસા, કેન્યા અને અમેરિકા જેવા ક્ષેત્રોમાં નાના બાળકો, વડીલો અને વિશેષ રૂપમાં યંગસ્ટર્સમાં ધર્મના અને પ્રભુ પ્રેમના ભાવો જાગૃત કરે છે.

પ્રવચનની સાથે વિવિધ આધ્યાત્મિક એકટીવીટીઝ, પ્રેક્ટીકલ પ્રયોગો, યુવા શિબિર, સત્સંગ, આગમ મહોત્સવ, બાલ ઉત્સવ, કવીઝ, ગેઇમ્સ આદિ દ્વારા ધર્મ પ્રત્યે રૂચિ જગાડે છે.

દરેક ક્ષેત્રમાં સંઘ અને સમાજનો સુંદર સાથ અને સહકાર પ્રાપ્ત થાય છે તથા વારંવાર પધારી ક્ષેત્રને ધર્મના રંગે રંગવા વિનંતી કરે છે. આ પ્રકારે સંઘો અને સંસ્થાઓ શાસન પ્રભાવનાની પ્રશંસનીય અનુમોદના કરે છે.

સુદાન

નવનાથ

દેશ-પરદેશના ઘણા બધાં ક્ષેત્રોમાંથી આવેલી વિનંતીનો સ્વીકાર થઇ ગયો છે.

આપ શ્રી આપના ક્ષેત્રમાં શાસનની અનુમોદના કરવા માટે વહેલી તકે જાણ કરશો.

• આજે જ સંપર્ક કરો •

શ્રી કેતનભાઇ દોશી : +91 97027 90000

ઘાટકોપર-હિંગવાલા લેન - વર્ષીતપ પારણા અને સંયમ અનુમોદના મહોત્સવ

શ્રી વર્ધમાન સ્થાનકવાસી જૈન સંઘ હિંગવાલાલેન-ઘાટકોપરના આંગણે સાહિત્યપ્રેમી પૂજ્ય શ્રી દેવેન્દ્રમુનિ મહારાજ સાહેબ, શાસ્ત્ર વિશારદ પૂજ્ય શ્રી મનહરમુનિ મહારાજ સાહેબ અને રાષ્ટ્રસંત પૂજ્ય શ્રી નમ્રમુનિ મહારાજ સાહેબના સાંનિધ્યે પૂજ્ય શ્રી બિંદુબાઈ મ.ના અઠ્ઠમના પારણે અઠ્ઠમ વર્ષીતપની આરાધના તેમજ પૂજ્ય શ્રી પરમ મિત્રાજી મ.ના આયંબિલ વર્ષીતપની આરાધનાના ચાર દિવસીય પારણા મહોત્સવ અને વિરલપ્રજ્ઞા પૂજ્ય શ્રી વીરમતીબાઈ મહાસતીજીની 50 મી દીક્ષા જયંતિનો અવસર ત્યાગ ધર્મના બહુમૂલ્ય સન્માન સાથે આનંદ-ઉત્સાહપૂર્વક સંપન્ન થયો હતો.

અનુમોદના કરવાના આ અનન્ય અવસરે પૂજ્ય શ્રી મુક્ત-લીલમ પરિવારના પૂજ્ય શ્રી ઊર્વશીબાઈ મ. આદિ ઠાણા, પૂજ્ય શ્રી ઊર્મિ-ઊર્મિલાબાઈ મ.આદિ ઠાણા, પૂજ્ય શ્રી પુનિતાબાઈ મ. આદિ ઠાણા, ડૉ. પૂજ્ય શ્રી ડોલરબાઈ મ.આદિ ઠાણા, શાસનચંદ્રિકા પૂજ્ય શ્રી હિરાબાઈ મ.ના પૂજ્ય શ્રી હસ્મિતાબાઈ મ. અને પૂજ્ય શ્રી ભારતીબાઈ મ., પૂજ્ય શ્રી ધીરજમુનિ મહારાજ સાહેબના આજ્ઞાનુવર્તી પૂજ્ય શ્રી વિમળાબાઈ મ. તેમજ લીંબડી અજરામર સંપ્રદાયના પૂજ્ય શ્રી તરલાબાઈ મ. આદિ અનેક સતીવૃંદની સાથે ઘાટકોપરના શ્રી ગારોડીયાનગર સંઘ, શ્રી સંઘાણી સંઘ, શ્રી પંતનગર સંઘ, શ્રી કામાગલી સંઘ, શ્રી સ્વાધ્યાય સંઘ, શ્રી પારસધામ સંઘ, શ્રી મુલુંડ સંઘ, શ્રી વસઈ-માણેકપુર સંઘ, શ્રી ડોંબીવલી સંઘ, શ્રી બોરીવલી સંઘ આદિ અનેક સંઘોના પ્રતિનિધિઓ ઉપસ્થિત રહ્યાં હતાં. મહાસંઘ પ્રમુખ શ્રી પરાગભાઈ શાહ, કાર્યવાહક પ્રમુખ શ્રી સંજયભાઈ શાહ તેમજ શ્રી દિલીપભાઈ રાંભિયા પણ વિશેષ ભાવો સાથે ઉપસ્થિત રહ્યાં હતાં.

ચાર દિવસના મહોત્સવ અંતર્ગત પ્રથમ દિવસે રાષ્ટ્રસંત પૂજ્ય ગુરુદેવશ્રીએ તપસ્વીરત્ના સાધ્વીજીઓને કળશ પ્રત્યાખાન કરાવતા તપશ્ચર્યાનો જય જયકાર ગુંજ્યો હતો. તપ અનુમોદના રૂપ ત્રિદિવસીય એકાસણા તપમાં તથા સાંજી સ્તવનમાં અનેક ભાવિકો જોડાયાં હતાં.

પૂજ્ય શ્રી બિંદુબાઇ મ. ની ઉગ્ર તપસ્યા નિમિત્તે એમના સંસારી માતુશ્રી સવિતાબેન ઠોસાણી પરિવાર તરફથી શ્રી હિંગવાલા સંઘ તથા રાષ્ટ્રસંત પૂજ્ય ગુરુદેવ પ્રેરિત વિવિધ ક્ષેત્રોના પારસધામ અને પાવનધામના નવ સંકુલોના દરેક સ્ટાફ મેમ્બર્સને તથા હિંગવાલા સંઘના સ્ટાફ મેમ્બર્સ અને જૈનશાળાના બાળકોને બેગ આપવામાં આવી હતી. શ્રીમતી હિનાબેન ગીરીશભાઇ શાહ તરફથી શ્રી હિંગવાલા સંઘના દરેક સ્ટાફ મેમ્બર્સને રૂ. 1000 આપવામાં આવેલ. રાષ્ટ્રસંત પૂજ્ય ગુરુદેવની પ્રેરણા અને

દાતાઓની અનુમોદનાથી સંઘમાં અભ્યાસ કરવા આવતાં વિદ્યાર્થીઓને સ્ટડી ટેબલ્સ આપવામાં આવેલ.

પારણા મહોત્સવ અવસરે પૂજ્ય શ્રી બિંદુબાઈ મહાસતીજીના સંસારી ભાઈ શ્રી અશોકભાઈ ઠોસાણી અને શ્રી ગીતાબેન અશોકભાઈ ઠોસાણી તથા એમના સંસારી કાકા-કાકીએ આજીવન ચતુર્થ વ્રત અંગિકાર કરીને એમના તપની અનુમોદના કરી હતી. સાધર્મિક ભક્તિના સહયોગી દાતા શ્રી અશોકભાઈ ઠોસાણી તથા શ્રી ખુશમનભાઇ દોશી હતાં.

રાષ્ટ્રસંત પૂજ્ય ગુરુદેવશ્રીની પ્રેરણા, માર્ગદર્શન અને સમયે સમયે મળતી સહાયથી મહારાષ્ટ્રના આકોલા અને તેની આસપાસના વિસ્તારોમાં વર્ષોથી આદિવાસી લોકોની બલી પ્રથા બંધ કરાવીને લાખો પ્રાણીઓને કતલ થતાં બચાવી રહેલાં શ્રી દિલીપબાબાના જીવદયાના પુરુષાર્થનું શ્રી હિંગવાલા સંઘ તરફથી શાલ ઓઢાડીને સન્માન કરવામાં આવ્યું હતું. શ્રી દિલીપબાબાએ પણ પૂજ્ય તપસ્વી મહાસતીજીને ભેટ આપવા સ્વરૂપ 1000 જીવોને છોડાવવાની ઘોષણા કરી હતી.

ઘાટકોપર- શ્રી હિંગવાલા સંઘ:

શ્રી વર્ધમાન સ્થાનકવાસી જૈન સંઘ-હિંગવાલાલેન-ઘાટકોપરના આંગણે અજરામર સંપ્રદાયના આચાર્યદેવ પૂજ્ય શ્રી ભાવચંદ્રજી સ્વામી તેમજ ગોંડલ સંપ્રદાયના પૂજ્ય શ્રી દેવેન્દ્રમુનિ મહારાજ સાહેબ, રાષ્ટ્રસંત પૂજ્ય શ્રી નમ્રમુનિ મહારાજ સાહેબના સાંનિધ્યે કુમારી ભવ્યા કોટીચાના વર્ષીતપ આરાધનાના પારણા ગુરુવર્યો અને અનેક સંત-સતીજીઓના આશીર્વાદ સાથે શાતાપૂર્વક સંપન્ન થયાં હતાં.

વિલેપાર્લે: જ્ઞાન અનુમોદના સમારોહ

ગોંડલ સંપ્રદાયના પરમ શ્રધ્ધેય પૂજ્ય શ્રી ધીરજમુનિ મહારાજ સાહેબ અને રાષ્ટ્રસંત પૂજ્ય શ્રી નમ્રમુનિ મહારાજ સાહેબના સાંનિધ્યે શ્રીમતી માલીનીબેન કિશોરભાઇ સંઘવી વૈયાવચ્ચ કેન્દ્રમાં, ધાર્મિક શિક્ષણ બોર્ડ મુંબઇ દ્વારા શ્રેણી 1 થી 20 ના ઓગસ્ટ- 2016 અને જાન્યુઆરી 2017 ના પરીક્ષાર્થીઓ તથા જ્ઞાનાદાતાઓનો સન્માન સમારોહ રાખવામાં આવેલ.

શ્રી કિશોરભાઇ અને શ્રી માલિનીબેન સંઘવી, મહાસંઘના કાર્યવાહક પ્રમુખ શ્રી સંજયભાઇ સંઘવી, શિક્ષણ બોર્ડના પ્રમુખ શ્રી સુરેશભાઇ પંચમિયા વગેરેનું તેમજ કોન્ફરન્સ અને મહાસંઘની ઓફિસમાં કાર્યરત શ્રી સુધીરભાઇ શેઠનું સન્માન કરવામાં આવ્યું હતું.

શ્રી નીતિનભાઇ કોઠારીએ પરીક્ષાર્થીઓની વિશિષ્ટતા દર્શાવી હતી. શ્રી અરવિંદભાઇ જોબાલિયા, શ્રી પાર્વતીબેન ખીરાણી વગેરેએ પ્રથમ ત્રણ આવનારના પરિણામ જાહેર કર્યા હતાં. 16મી શ્રેણીના 'ચંદ્રક' શ્રી મનુભાઇ તુરખિયા, શ્રી દિનેશભાઇ ભાયાણીના હસ્તે અર્પણ કરવામાં આવ્યાં હતાં. આરાધના ધામ અને શ્રી ગુણવંતભાઇ ડગલી તરફથી દરેકને ₹ 100/- તેમજ 25 વર્ષની અંદરના અને જૈનશાળા જ્ઞાનદાતાને ₹ 2000/- નું કવર શ્રી પરાગભાઇ શાહ તરફથી આપવામાં આવેલ.

'સાધના' બહારની દુનિયાથી ડીટેચ થઇ 'સ્વ' સાથે એટેચ થવાની પ્રોસેસ છે.

આજીવન અનશન આરાધક

પૂ. શ્રી વિજયમુનિ મ.સા.એ મૃત્યુને બનાવ્યો મહોત્સવ

શ્રી રાજકોટ સ્થાનકવાસી જૈન મોટા સંઘ સંચાલિત શ્રી સ્થાનકવાસી જૈન સંઘ-જૈનચાલના આંગણે થાનગઢ નિવાસી શ્રી વિજયભાઈ શાહે જીવનની અંતિમ ઘડીને નજીક જાણી આજીવન સંથારો ગ્રહણ કરવાની પોતાની ઉત્કૃષ્ટ ભાવના રાજકોટના શ્રી જૈન ચાલ સંઘમાં બિરાજિત ગોંડલ સંપ્રદાયના સૌરાષ્ટ્ર કેસરી ગુરુ પ્રાણ પરિવારના પૂજ્યવરા શ્રી મુક્ત-લીલમ-સન્મતિ ગુરુણીના સુશિષ્યા પૂજ્ય શ્રી મિનળબાઈ મ. તેમજ પૂજ્ય શ્રી શ્રેયાંશીબાઈ મ. પાસે અભિવ્યક્ત કરતાં રાષ્ટ્રસંત પૂજ્ય ગુરુદેવ શ્રી નમ્રમુનિ મહારાજ સાહેબની અનુજ્ઞાથી 08.05.2017 ના દિવસે એમને સાંજે 06.00 કલાકે સંથારો ગ્રહણ કરાવવામાં આવ્યો હતો.

સંથારો ગ્રહણ કર્યા બાદ શ્રી વિજયભાઈ શાહ એક પછી એક દિવસ પોતાના ભાવોમાં અભિવૃધ્ધિ કરી રહ્યાં હતાં. 28.05.2017 ના દિવસે તેમનો અંતિમ સમય નજીક જણાતાં એમની અદમ્ય ઇચ્છા અનુસાર સાંજના 06.00 કલાકે તેમને પૂજ્ય શ્રી મિનળબાઈ મહાસતીજીના શ્રીમુખેથી દીક્ષામંત્ર ભણાવીને પંચ મહાવ્રત અંગિકાર કરાવવામાં આવ્યાં હતાં અને એમનું શ્રી વિજયમુનિ મહારાજ સાહેબ નામકરણ ગોંડલ સંપ્રદાયના 14 મા સંત તરીકે ગોંડલ સંપ્રદાયના શ્રી પ્રવિણભાઈ કોઠારી દ્વારા જાહેર કરવામાં આવ્યું હતું. આ સમયે એમના પરિવારજનો, સગા-સ્વજનો તેમજ શ્રી જૈન ચાલ સંઘના પ્રમુખ શ્રી પરેશભાઈ સંઘાણી આદિ ઉપસ્થિત રહેલ.

અનશન આરાધકે દીક્ષા અંગિકાર કર્યાના સમાચાર સમગ્ર રાજકોટમાં પ્રસરતાં મોડી રાત સુધી દર્શન અર્થે ભાવિકો ઉમટી પડ્યાં હતાં. મોડી રાત્રે 10.35 કલાકે અનશન આરાધક પૂજ્ય શ્રી વિજયમુનિ મહારાજ સાહેબ જાણે કે, પરમ સંતોષની અનુભૂતિ સાથે શ્વાસોશ્વાસની ગતિને મંદ કરતાં કરતાં ચત્તારિ શરણં પવજ્જામિના નાદ સાથે પ્રભુ શરણમાં અંત સમયને સાર્થક કરીને કાળધર્મ પામ્યાં હતાં. એમની પાલખીયાત્રા 29.5.2017 સાંજના 04.00 કલાકે શ્રી જૈનચાલ ઉપાશ્રયથી નીકળી હતી. પાલખીયાત્રામાં રાજકોટના અનેક સંઘોના પ્રતિનિધીઓ જોડાયાં હતાં. 30.05.2017 સવારના 09.15 કલાકે નવદીક્ષિત પૂજ્ય શ્રી વિજયમુનિ મહારાજ સાહેબની ગુણાનુવાદ સભા શ્રી જૈનચાલ સંઘ ઉપાશ્રયમાં રાખવામાં આવેલ હતી. પૂજ્ય શ્રી મિનળબાઈ મ. તેમજ પૂજ્ય શ્રી શ્રેયાંશીબાઈ મ.એ સતત 20 દિવસ સુધી તેમની અનશન આરાધનામાં પ્રેરણા આપીને પ્રોત્સાહક પરિબળ સર્જ્યું હતું.

રાજકોટના આંગણે મક્કમ મનોબળ ધરાવતાં એક માનવીએ પોતાના આત્મબળનો પરિચય આપીને જૈનધર્મની અનશન આરાધના રૂપે પોતાના મૃત્યુને મહોત્સવ બનાવ્યો હતો. ઉલ્લેખનિય છે કે, ગુજરાત રાજ્યના મુખ્યમંત્રી અને જૈન સમાજના પનોતા પુત્ર એવા શ્રી વિજયભાઈ રૂપાણી અનશન આરાધકના દર્શનાર્થે પધાર્યા હતાં. સાથે જ, રાજકોટના મુસ્લિમ સમાજના પણ અનેક ભાવિકો એમના દર્શન અર્થે પધારીને એક દિવસ માટે કતલખાના બંધ રાખવાની જાહેરાત કરી હતી.

અનશન આરાધકના દિવ્ય આત્માની પ્રેરણા પામીને રાજકોટના અનેક અનેક ભાવિકો દર્શન કરીને ધન્ય બન્યાં હતાં.

વિલેપાર્લે વેસ્ટ:

દરિયાપુરી સંપ્રદાયના તપસ્વીરાજ વરિષ્ઠ સંતરત્ન પૂજ્ય શ્રી રાજેન્દ્રમુનિ મ.સા. ની 50 મી દીક્ષા જ્યંતિ શ્રી વર્ધમાન સ્થા. જૈન સંઘ-વિલેપાર્લેમાં ઉજવાયી હતી અને આ અવસરે એમને શુભેચ્છા અભિવંદના પાઠવવા ગોંડલ સંપ્રદાયના પૂજ્ય શ્રી ધીરજમુનિ મહારાજ સાહેબ એવમ રાષ્ટ્રસંત પૂજ્ય શ્રી નમ્રમુનિ મહારાજ સાહેબ પધાર્યા હતાં તથા દરિયાપુરી સંપ્રદાયના પૂ. શ્રી પૂર્ણિમાબાઇ મ., પૂ. શ્રી કૃપાબાઇ મ., ગોંડલ સંપ્રદાયના પૂ. શ્રી પૂર્વીબાઇ મ., પૂ. શ્રી સુપૂર્વીબાઇ મ., શ્રમણ સંઘના પૂ. શ્રી કલાવતીજી મ., ડૉ. પૂ. શ્રી અક્ષયજ્યોતિજી મ. આદિ ઠાણા-4 પધાર્યા હતાં. આ અવસરે ઉપસ્થિત ગુરુ ભગવંતોએ પૂ. શ્રી રાજેન્દ્રમુનિ મહારાજ સાહેબને 50મી સંયમ જ્યંતિ અને એમના શિષ્ય પૂજ્ય શ્રી મિતેન્દ્રમુનિ મહારાજ સાહેબની 25મી સંયમ જ્યંતિ ઉપલક્ષે શુભેચ્છા શાલ અર્પણ કરી હતી. સતીવૃંદે શુભેચ્છા ભાવ વ્યક્ત કર્યા હતાં તથા ઉપસ્થિત બોરીવલી, વાલકેશ્વર, અમદાવાદ, પાર્લા, સંઘાણી આદિ સંઘોના પ્રતિધિનીઓએ શુભેચ્છા વંદન પત્ર અર્પણ કર્યો હતો.

卐 ચાતુર્માસ મંગલ પ્રવેશ 卐

- 卐 ગોંડલ સંપ્રદાયના અપૂર્વ શ્રુત આરાધિકા પૂજ્ય શ્રી લીલમબાઇ મ.ના સુશિષ્યા ગુરુણીદેવા વિરલપ્રજ્ઞા **પૂજ્ય શ્રી વીરમતીબાઇ મહાસતીજી આદિ ઠાણા** શ્રી વર્ધમાન સ્થા. જૈન શ્રાવક સંઘ-હિંગવાલા, ઘાટકોપરના આંગણે 02.07.2017ના સવારે 8:30 કલાકે ચાતુર્માસ મંગલ પ્રવેશ કરશે.
- 卐 પૂજ્યવરા મંગલમૂર્તિ પૂજ્ય શ્રી મુક્તાબાઇ મ.ના સુશિષ્યા **ડૉ. પૂ. શ્રી ડૉલરબાઇ મ., પૂ. શ્રી પૂર્ણાબાઇ મ., પૂ. શ્રી પરમ સૌમ્યાજી મ., પૂ. શ્રી પરમ તપસ્યાજી મ.** શ્રી વર્ધમાન સ્થા. જૈન સંઘ-માણેકપુર, વસઇના આંગણે 02.07.2017ના સવારે 9:30 કલાકે ચાતુર્માસ મંગલ પ્રવેશ કરશે.
- 卐 પૂજ્યવરા મંગલમૂર્તિ પૂ. શ્રી મુક્ત-લીલમ સન્મતિ ગુરુણીના સુશિષ્યા **પૂજ્ય શ્રી મીનળબાઇ મ. અને પૂ. શ્રી શ્રેયાંશીબાઇ મ.** શ્રી સ્થા. જૈન સંઘ-મનહર પ્લોટ-રાજકોટના આંગણે 02.07.2017ના સવારે 8:30 કલાકે ચાતુર્માસ મંગલ પ્રવેશ કરશે.
- 卐 પૂજ્યવરા મંગલમૂર્તિ પૂ. શ્રી મુક્ત-લીલમ ગુરુણી પરિવારના પૂ. શ્રી સુમનબાઇ મ.ના સુશિષ્યા **પૂ. શ્રી પૂર્વીબાઇ મ., પૂ. શ્રી સુપૂર્વીબાઇ મ.** શ્રી વર્ધમાન સ્થા. જૈન સંઘ-રાજાવાડી, , ઘાટકોપરના આંગણે 02.07.2017ના સવારે 8:30 કલાકે ચાતુર્માસ મંગલ પ્રવેશ કરશે.
- 卐 પૂજ્યવરા મંગલમૂર્તિ પૂ. શ્રી મુક્ત-લીલમ ગુરુણીના સુશિષ્યા **પૂ. શ્રી મનીષાબાઇ મ. અને પૂ. શ્રી જિજ્ઞાસાબાઇ મ.** શ્રી વર્ધમાન સ્થા. જૈન સંઘ-અમરેલીના આંગણે 25.06.2017ના સવારે 8:30 કલાકે ચાતુર્માસ મંગલ પ્રવેશ કરશે.

This summer

•II YUVA SANSKAR SHIBIR II•

Access to Success

પારસધામ - પાવનધામ

રાષ્ટ્રસંત પૂજ્ય ગુરુદેવશ્રીની પ્રેરણાથી પારસધામ-ઘાટકોપરમાં વિરલપ્રજ્ઞા પૂજ્ય શ્રી વીરમતીબાઇ મહાસતીજી અને પાવનધામ- કાંદિવલીમાં પૂજ્ય શ્રી પરમ સંબોધિજી મહાસતીજીના સાંનિધ્યે 15 થી 30 વર્ષની કન્યાઓના સ્પિરીચ્યુઅલ અને ઓવરઓલ ડેવલપમેન્ટ માટે ચાર દિવસીય યુવા શિબિર રાખવામાં આવેલ.

પારસધામમાં મુંબઇ, અહેમદનગર, બીડ, બોરકુન્ડ, ઘોટી, માલેગાંવ, મનમાડ, મધ્ય પ્રદેશ, નાગડ, નાસિક, રાહુરી અને પૂનાથી મારવાડી જૈન-અજૈન કન્યાઓ અને પાવનધામમાં મુંબઇ, રાજકોટ, અમદાવાદ, રાયપુર, આકોલા આદિ ક્ષેત્રોની જૈન-અજૈન ગુજરાતી કન્યાઓએ આ શિબિર દ્વારા આધ્યાત્મિક જ્ઞાન સાથે પ્રેકટીકલ લાઇફને પીસફુલ અને પ્રોગ્રેસીવ બનાવવા પ્રયોગો સાથેનું માર્ગદર્શન પ્રાપ્ત કર્યું હતું.

આધ્યાત્મિક જ્ઞાન અને સંસ્કારનું સિંચન માટે વિવિધ ધ્યાન, લોગસ્સ, વંદના, નમોત્થુણં આદિ ધાર્મિક વિધીઓની સમજ, કાળચક્ર, સંયમ ભાવ યાત્રા, નિગોદ યાત્રા, લાઇફમાં ગુરુનું ઇમ્પોર્ટન્સ, ચૌદ રાજલોક, સાધક જીવન શૈલી, મોહનો ક્ષય કરાવતી સમજ ઇત્યાદિ, ઓવરઓલ ડેવલપમેન્ટ માટે યોગા, એકયુપ્રેસર, ગુણ વૃધ્ધિકર આધ્યાત્મિક ગેઇમ્સ, પઝલ્સ, કવીઝ, મુંઝવણનું સમાધાન આપતું પ્રશ્નોતરી સેશન, કોયર ભક્તિ, Sewing Session, Self defence, Food Diet Session, સાધક

દીદીઓ દ્વારા સંયમની સમજ આપતો ડ્રામા તથા એમના અનુભવો, તથા માનવતા અને સેવાના સંસ્કારનું સિંચન કરાવતા અર્હમ યુવા ગ્રુપ દ્વારા ગરીબ અને જરૂરિયાતમંદ બાળકો સાથે સમય વિતાવી, અર્હમ યુવા ગ્રુપમાં જોઇન થવાની પ્રેરણા આપી હતી. સંયમનું મહત્ત્વ સમજાવવા એક દિવસીય સાધુ જીવનશૈલીમાં વિહાર, ગૌચરી, ધ્યાન, સ્વાધ્યાય આદિનો અનુભવ કરાવવામાં આવેલ અને જીવદયાની સમજ સાથે જીવોની જતનાના પ્રતિક રૂપ રજોહરણ નૃત્ય કરાવવામાં આવેલ.

મારવાડી શિબિરાર્થીઓ તથા પ્રથમ વખત જ શિબિરમાં આવનાર માટે આવી શિસ્ત, શાંતિ અને સુવ્યવસ્થિત શિબિર એક અદ્‌ભૂત અને આશ્ચર્યજનક અનુભવ હતો. દરેક શિબિરાર્થીઓ ખૂબ જ ઉત્સાહિત અને જિજ્ઞાસુ હતાં.

શિબિરની અનુભૂતિની અસર આત્મામાં અંકિત કરવા અને એ અસરની સાતત્યતા ઘરે જઇને પણ અનુભવવા અમૂક પ્રકારના નિત્ય અને સહજ નિયમો આપવામાં આવ્યાં હતાં, જેનો દરેકે સહર્ષ સ્વીકાર કરેલ.

શિબિરની પૂર્ણાહુતી વખતે, પૂજ્ય મહાસતીજીઓ, દીદીઓ, સાધકો તથા સ્ટાફ અને સર્વ કાર્યકર્તાઓની સેવા પ્રત્યે ઉપકારભાવ વ્યકત કરતાં ઘણાની આંખો ભીની થઇ હતી તો ઘણાની આંખોમાં ફરીથી આવી શિબિરના આયોજન માટેની આજીજી હતી.

યુવા સંસ્કાર શિબિરની યાદે...

(1) ગૌચરી માટે જતનાપૂર્વક વિહાર (2) નમોત્થુણં વિધી (3) Self-defenceની Trick (4) Sewing Session (5) એક્યુપ્રેશરની સમજ (6) ગરીબને જમાડવાનો આનંદ (7) Co-ordinationનો મેસેજ આપતી ગેઇમ (8) ગરીબોને ગીફ્ટ પેકેટ (9) શું રજોહરણ મને મળશે ? (10) કોયર ભક્તિ.

Amazing & Awesome Experience

I originally belong to the Deravasi Sect... This shibir has helped me and I have learnt a lot which I never knew before. The importance of Guru and Acharyas in our lives has put a deep impact in my mind.

- Hrisha Haria (Santacruz)

Each day was precious and unforgettable. I have strongly realised the difference between temporary and permanent. Receiving the Rajoharan during the Saiyam Bhaav Yatra was truly and is the best feeling ever experienced.

- Vidhi Lathiya (Aakola)

It was Divine and a life-time experience. The Alochana Dhyan conducted by Pujya Mahasatiji has helped me purify my thoughts and I am feeling very positive. The shibir has made me realise the importance of Jainism in our lives and I am proud to be a Jain.

- Dhara Matalia (Mira Road)

મારૂં બોડી અને મારો આત્મા અલગ છે તે જાણવા મળ્યું. મને આ જન્મ-મરણના ચક્રમાંથી મુક્ત થવું છે. મારે પરમાત્મા બનવું છે એવા ભાવ અંદરથી થવા લાગ્યાં છે.

- હાર્વી શાહ (રાજકોટ)

શિબિરમાં આવતા પહેલાં મનમાં ડર હતો પણ આવ્યા પછી ખૂબ જ પીસફુલ ફીલ થયું અને ખૂબ જ આનંદ આવ્યો. Self defence, Sewing, ભક્તિ વગેરેમાં ખૂબ જ મઝા આવતી હતી. મને જૈનધર્મના ઇતિહાસ વિશે જાણવાની ખૂબ જ ઇચ્છા હતી. આ શિબિરમાં ઘણું બધું જાણવા મળી ગયું.

- ક્રિષા ગુટકા (ચીંચપોકલી)

દરેક સેશન્સ અને દરેક એકટીવીટીઝ પરફેકેટ હતાં. ઘણી નવી વસ્તુઓ જાણવા અને સમજવા મળી. હું મારી લાઇફમાં અને મારા સ્વભાવમાં ચેઇન્જ લાવી શકીશ.

- ઋત્વા શાહ (અમદાવાદ)

હું ફર્સ્ટ ટાઇમ શિબિરમાં આવી હતી, પણ આ ચાર દિવસમાં ખૂબ જ સરસ અનુભવ કર્યો. બધી જ ગેઇમ્સ, સિલાઇ વર્ક, ગૌચરી અને સેશન્સ્ બધાં જ અદ્ભૂત હતાં.

- જિયા ગડા (ડોમ્બીવલી)

These 4 days were really inspiring and enlightening. Learning the true meaning of our lives and thinking about our souls rather than staying connected with the outer world is going to help me change my way of living.

- Mausam Dedhia (Mulund)

મને આખી દુનિયાનો અનુભવ કરવો હતો. મને મારા વિશે જાણવું હતું અને મને દુનિયાની સૌથી સુખી વ્યક્તિ બનવું હતું. આ શિબિરમાં મને ઘણું બધું જાણવા મળી ગયું. મારા વિશે પણ જાણી શકી.

- ઊર્વી છેડા (રાયપુર)

આ શિબિરમાં ઓવરઓલ ડેવલેપમેન્ટ માટે ઘણું બધું જાણવા મળ્યું. આવી શિબિરનું આયોજન કરનારનો આભાર માનું છું. એમને વંદન કરૂં છું. Self defence ખૂબ જ હેલ્પફુલ થશે.

- લબ્ધિ મોદી (જૂનાગઢ)

The Shibir was a perfect package for our eternal as well as overall development. Every activity including the fun-filled games with a moral, the nigod yatra, the AYSG street kids activity have helped me learn a lot and advanced me further on becoming a good human being.

- Palak Shah (Matunga)

NEW

રાષ્ટ્રસંત પૂજ્ય ગુરુદેવ
શ્રી નમ્રમુનિ મહારાજ સાહેબની પ્રેરણાથી
સોહમ મહિલા મંડળ પ્રકાશિત

સમાધાન થી સમાધિ

એક એવી પુસ્તિકા જે અનેકના મનમાં ઉઠતા, અનેકના મનને મુંઝવતા અને ગુંચવતા પ્રશ્નોનું સરળ ભાષામાં, સચોટ અને સ્પષ્ટ સમાધાન આપે છે.

ઓપન બુક પરીક્ષા

આ પુસ્તિકા પર ઓપન બુક પરીક્ષા પણ છે, જેનું પ્રશ્નપત્ર પુસ્તિકા સાથે પ્રાપ્ત થાય છે.

પ્રથમ ઇનામ - 1100/- | **દ્વિતીય ઇનામ - 1000/-** | **તૃતીય ઇનામ - 900/-**

આ ઉપરાંત ઓછામાં ઓછા 10 પરીક્ષાર્થી, જે પણ ગામમાંથી હશે તે દરેક ગામ દીઠ

પ્રથમ ઇનામ - 500/- | **દ્વિતીય ઇનામ - 400/-** | **તૃતીય ઇનામ - 300/-**

જો માર્કસ 90% થી વધારે હશે તો ! ! આ ઉપરાંત અન્ય ઘણા બધાં ઇનામો ! !

ઉત્તર પેપર મોકલવાની અંતિમ તારીખ - 30th August 2017

ઉત્તર પેપર મોકલવાનું એક માત્ર સ્થળ - પાવનધામ : C/O શ્રી પ્રીતિબેન બાવીશી

મહાવીર નગર, બી.સી.સી.આઇ. ગ્રાઉન્ડની સામે, કાંદિવલી (વે), મુંબઇ - 400 067

: પ્રાપ્તિ સ્થાન :

પારસધામ : વલ્લભબાગ લેન, તિલક રોડ, ઘાટકોપર (ઇસ્ટ) મુંબઇ - 400077

પાવનધામ : મહાવીરનગર, B.C.C.I. ગ્રાઉન્ડની સામે, કાંદિવલી (વે), મુંબઇ - 400067

આકોલા - હર્ષાબેન વોરા : અમૃતકુંજ, ન્યુ રાધાકિશન પ્લોટ આકોલા - 444001 | Contact : 8830559529

રાજકોટ - સંગીતાબેન પંચમીયા : માધવકૃપા ભવન, જયરાજ પ્લોટ, 6/11 નો ખૂણો | Contact : 9979313394

અમદાવાદ - દર્શનભાઇ બાવીસી : A/22 શાલીગ્રામ - 3 પ્રહલાદ નગર, સેટેલાઇટ, અમદાવાદ - 380015 | Contact : 9823633776

શ્રી પ્રીતિબેન બાવીસી - 9619596869 • શ્રી વર્ષાબેન સંઘરાજકા - 9819726999

આ ઉપરાંત દરેક ક્ષેત્રના પારસધામ-પાવનધામના સંકુલમાં પણ આ પુસ્તિકા મળશે.

"જ્યાં **અહંકારનું મૃત્યુ** થાય છે, ત્યાં પરિવાર **પ્રેમનું અમૃત** પ્રગટ થાય છે."

પરિવાર પ્રેમનાં અમૃત પાનની અનુભૂતિ કરાવનાર

અસીમ ઉપકારી રાષ્ટ્રસંત પૂજ્ય ગુરુદેવશ્રીના ચરણોમાં

અમારી ઉપકાર વંદના... અહોભાવના ! ! - શ્રી મેઘાણી પરિવાર

ગુરુદેવ ! આપ શ્રીની ઘણી ઘણી કૃપા છે.
આપની કૃપાથી અમારા પરિવારમાં આર્થિક અને આધ્યાત્મિક
વિકાસ થઇ રહ્યો છે. આપે અમને સેવાની તક આપી મહા ઉપકાર કર્યો છે.
ગુરુદેવ ! આપ શ્રીને અમારા ભાવથી વંદન.
- હાર્દિક અને ભાવિક દડીયા

Balwant G. Parekh 98200 65056 amish.p41@gmail.com Amish B. Parekh 98200 52556

Shantinath Industries

Manufacturing : Lighting Luminaries
Labour Job : Powder Coating and Vitreous Enamelling

We are manufacturing for allleading Lighting Companies such as "Wipro Ltd., Bajaj Electricals Ltd., Crompton Greaves Ltd.,"

Unit II, B-2/2, Opp. Sanghavi Garden,Sagaoen M.I.D.C Phase Manpada Road, Dombivli (E), Dist. Thane - 421 204.

Bakulesh Virani 098410 43041

VIRANI INTERNATIONAL

Your Key to Security Holograms & Self Adhesive Label Stock

67B, KMA, Garden, Kannadasan Nagar, Kodungaiyur, Chennai - 600 118. India.
Ph. : +91 44 2555 8945 • Fax : +91 44 2555 3581 • Mobile : +91 9884097410 • mailvirani@yahoo.com • www.virani.in

JENAM
ENTERPRISES PVT. LTD.

Raju Bhai 91 93201 41945 | Amit 98198 99400 | Hardik 90969 94466

IRON AND STEEL TRADERS & IMPORTERS

Email : jenamenterprisespvtltd@gmail.com

Sale Office : 50/A Baroda Street, camac Bunder, Mumabi : 400 009.
Phone : 022 - 3029 7002 / 3029 7056 Fax : 022 -3029 7038

Rashmikant Desai - 93240 87750 E-mail : fineeyecare@gmail.com

FINE EYE CARE
Eye Consultants & Optical Gallery

BETTER EYE CARE BEST EYE WEAR

COMPUTERISED EYE TESTING, QUALIFIED OPTOMETRIST, CONTACT LENSES & LOW VISION CLINIC

Opp. Shankar Cinema , Tilak Nagar, Chembur, Mumbai - 400 089. Tel.: 2527 7444

Since-1954 FV

Hardik Desai - 93210 29293

FINE FINE FINE & ALL FINE TO YOU

FINE VISION
Ophthalmic Optical Equipment & Lenses

384 - M, Dabholkar Wadi, Kalbadevi Road, Mumbai - 2. Tel.: 2203 7444, 2205 7444, Fax : 2200 7444

Website : www.finevision.in/ E-mail : finevisn@vsnl.com

Ayushmaan Bhava

A Blessing For A Lifetime Of Good Health Is Born With Your Baby
Preserve Your Baby's Umbilical Cord Stem Cells At Birth
Now At Just ₹9990*

LifeCell™

Call 1800 419 5555 | SMS 'LIFECELL' TO 53456 | www.lifecell.in

*Terms & Conditions Apply

With Best Compliments from

MOVING WITH Confidence

go gas

Confidence Group

Confidence Petroleum at a Glance

- Reputed BSE Listed Company with a mission to become the largest private player across the globe in the LPG/CNG related businesses by 2015.
- Operating one of the Asia's largest Cylinders manufacturing units under one roof including one in Indonesia
- India's leading Bottlers with 51 bottling plants across 21 states.
- Upcoming 250 Gogas Auto LPG Dispensing Stations across the country.
- Operating ISO9001-2008 certified manufacturing unit of CNG/High Pressure Gas Cylinders.
- Nationwide network of 27 Marketing Offices.
- Establishing Tie-ups with International Companies for future projects.

Cylinder Manufacturing

Bottling Assistance

Auto LPG Station

Packed Cylinder Marketing

CNG / LPG Dispensers

Ethanol Manufacturing

ANG Pipeline on the move

RFID Metering Solutions

MOVING WITH Confidence

| Nitin Khara | Nalin Khara | Elesh Khara |

CONFIDENCE PETROLEUM INDIA LIMITED

CORPORATE OFFICE : 404, Satyam Apartments, 8, Wardha Road, Dhantoli, Nagpur - 440 012 (M.S.) India

Ph.:0712-3298539/40 Fax:0712-6612083 Email : info@confidencepetro.com Website : www.confidencepetro.com

Registered with Registrar of Newspapers under RNI NO. MAHGUJ/2008/37878
Postal Registration No. MCN/94/2017-2019 Published on 5th of every month
Licensed to post without prepayment, WPP license No. MR/Tech/WPP-157/North/2017
JAIN KRANTI - Posted at Mumbai Patrika Channel Sorting Office, Mumbai-1. Posting date 5/6-6-2017

શ્રી વર્ધમાન સ્થાનકવાસી જૈન સંઘ-પાવનધામના આંગણે

રાષ્ટ્રસંત પૂજ્ય ગુરુદેવ
શ્રી નમ્રમુનિ મહારાજ સાહેબ આદિ સંતો

વિરલપ્રજ્ઞા પૂજ્ય શ્રી વીરમતીબાઇ મ. આદિ સતીવૃંદના સાંનિધ્યે

નવ પુણ્યાત્મા પ્રભુ પથગામી

દીક્ષા આજ્ઞા અર્પણ વિધિ

26.06.2017 • સવારના 09.00 કલાકે

• મુમુક્ષુ શ્રી અંકિતાબેન દિનેશભાઈ વોરા	B.Com : વડીયા (સૌરાષ્ટ્ર), હાલ: રાજકોટ (સૌરાષ્ટ્ર)
• મુમુક્ષુ શ્રી ચાર્મીબેન જિતેન્દ્રભાઈ કામદાર	I.T.Engineer : કાલાવડ (સૌરાષ્ટ્ર), હાલ : રાજકોટ (સૌરાષ્ટ્ર)
• મુમુક્ષુ શ્રી પરિધિબેન મિલનભાઈ મહેતા	B.Com : અંજાર (કચ્છ), હાલ : ઝરીયા (ઝારખંડ)
• મુમુક્ષુ શ્રી સલોનીબેન બકુલભાઈ પારેખ	B.Com : માલીયા હાટીના (જૂનાગઢ), હાલ : આકોલા (મહારાષ્ટ્ર)
• મુમુક્ષુ શ્રી પ્રિયલબેન હર્ષદભાઈ વેલાણી	M.Com : લખતર (ઝાલાવાડ), હાલ : અમદાવાદ (ગુજરાત)
• મુમુક્ષુ શ્રી છાયાબેન દિનેશભાઈ કક્કા	B.Com : બિદડા (કચ્છ), હાલ : મુલુંડ (મુંબઈ)
• મુમુક્ષુ શ્રી હેતબેન ભૂપેન્દ્રભાઈ મહેતા	B.Com : માનકુઆ (કચ્છ), હાલ : કોલકત્તા (પૂર્વ ભારત)
• મુમુક્ષુ શ્રી દિવ્યાબેન લલિતભાઈ સોલંકી	B.Com : વાઘોલ (રાજસ્થાન), હાલ : વિલેપાર્લે (મુંબઈ)
• મુમુક્ષુ શ્રી વીરાંશીબેન દિલેશભાઈ ભાયાણી	H.S.C. : લાઠી (સૌરાષ્ટ્ર), હાલ : કાંદિવલી (મુંબઈ)